dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-09 | Issue-206 | AD-2026, Vaishakh Vad -02 | Sunday, Dt. 03-05-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### પુનઃમતદાનમાં પણ રાજકીય આક્ષેપબાજી સાથે હિંસાની ઘટના સામે આવી

# પ.બંગાળ વિધાનસભા ચૂંટણીનું પુનઃ મતદાન ૮૦% નોંધાયુ

કોલકાત્તા,તા.૦૨

પશ્ચિમ બંગાળમાં ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણીઓ અત્યંત રોમાંચક અને વિવાદાસ્પદ તબક્કામાંથી પસાર થઈ રહી છે. તાજેતરમાં સંપન્ન થયેલા મતદાન દરમિયાન અનેક મતદાન મથકો પર ગેરરીતિઓના ગંભીર આરોપો લાગ્યા હતા, જેના પગલે ચૂંટણી પંચે કડક વલણ અપનાવતા ૨ મેના રોજ દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના બે મુખ્ય મતવિસ્તારોમાં ફરીથી મતદાન કરાવવાનો નિર્ણય લીધો હતો. આ પુનઃ મતદાન પ્રક્રિયામાં મતદારોનો ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો, પરંતુ સાથે સાથે હિંસા અને રાજકીય આક્ષેપબાજીના બનાવોએ લોકશાહીના આ પર્વને ડહોળવાનો પ્રયાસ કર્યો હતો. ચૂંટણી પંચના આદેશ મુજબ દક્ષિણ ૨૪ પરગણાના મગરહાટ પશ્ચિમ અને ડાયમંડ હાર્બર વિધાનસભા મતવિસ્તારના કુલ ૧૫ મતદાન મથકો પર ફરીથી મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. મગરહાટ પશ્ચિમમાં ૧૧ અને ડાયમંડ હાર્બરમાં ૪ બૂથ પર મતદાન થયું હતું. ૨૯ એપ્રિલના રોજ મતદાનના બીજા તબક્કા દરમિયાન મતમાં છેડછાડ અને હેરાફેરીની અનેક ફરિયાદો પંચને મળી હતી, જેના આધારે આ મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો હતો. કાળઝાળ ગરમી હોવા છતાં, સવારથી જ મતદારો લાંબી કતારોમાં ઉભા રહીને પોતાના મતાધિકારનો ઉપયોગ કરતા જોવા મળ્યા હતા. સવારે ૯ વાગ્યા સુધીમાં મગરહાટ પશ્ચિમમાં ૧૬.૬૮ ટકા મતદાન થયું હતું, જે બપોરે ૧ વાગ્યા સુધીમાં વધીને ૫૬.૩૩ ટકા સુધી પહોંચી ગયું



હતું. તેવી જ રીતે ડાયમંડ હાર્બરમાં પણ બપોર સુધીમાં ૫૪.૬ ટકા મતદાન નોંધાયું હતું. સાંજના ૬ વાગ્યા સુધીમાં એકંદર મતદાનનો આંકડો ૮૦ ટકાની આસપાસ પહોંચ્યો હોવાનું અનુમાન છે, જે લોકોની જાગૃતિ અને મતાધિકાર પ્રત્યેની શ્રધ્ધા દર્શાવે છે.શાંતિપૂર્ણ મતદાનના દાવાઓ વચ્ચે દક્ષિણ ૨૪ પરગણાના ફાલ્ટા વિસ્તારમાં ભારે તંગદિલી સર્જાઈ હતી. સ્થાનિક રહેવાસીઓએ તૃણમૂલ કોંગ્રેસના નેતાઓ પર આક્ષેપ કર્યો હતો કે તેમને મત આપતા રોકવા માટે ધાકધમકી આપવામાં આવી રહી છે. આ મામલે લોકોએ રસ્તા પર ઉતરીને વિરોધ પ્રદર્શન પણ કર્યું હતું. વિરોધીઓનું કહેવું છે કે ચૂંટણી પંચની સુરક્ષા હોવા છતાં સ્થાનિક સ્તરે ડરનું વાતાવરણ ઊભું કરવામાં આવી રહ્યું છે. બીજી તરફ, ભાજપના નેતા સુભેંદુ અધિકારીએ પણ ગંભીર આરોપ લગાવ્યા છે કે પિંગલા અને દાસપુર જેવા વિસ્તારોમાં મતગણતરી માટે કાયમી કર્મચારીઓના બદલે કોન્ટ્રાક્ટ અને કામચલાઉ કામદારોને તૈનાત કરવામાં આવ્યા છે, જે સમગ્ર પ્રક્રિયાની પારદર્શિતા સામે પ્રશ્નાર્થ ચિહ્ન ઉભું કરે છે.ચૂંટણીના પરિણામો અને મતગણતરી પ્રક્રિયાને લઈને મામલો દેશની સર્વોચ્ચ અદાલત સુધી પહોંચ્યો હતો. તૃણમૂલ કોંગ્રેસે ચૂંટણી પંચના એ નિર્દેશને પડકાર્યો હતો જેમાં ફક્ત કેન્દ્ર સરકાર અને જાહેર ક્ષેત્રના કર્મચારીઓને જ ગણતરીમાં તૈનાત કરવાની વાત કહેવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે આ મામલે હસ્તક્ષેપ કરતા ચૂંટણી પંચના ૧૩ એપ્રિલના પરિપત્રનું પાલન કરવા આદેશ આપ્યો છે. આ પરિપત્ર મુજબ, સોમવારે થનારી મતગણતરી દરમિયાન દરેક ટેબલ પર રાજ્ય સરકારના ઓછામાં ઓછા એક અધિકારીની હાજરી અનિવાર્ય રહેશે. કોર્ટે પંચની ખાતરી બાદ ટીએમસીની અરજીનો નિકાલ કર્યો છે, જેનાથી હવે ગણતરીમાં કેન્દ્રીય અને રાજ્ય એમ બંને સ્તરના નિરીક્ષકો હાજર રહેશે.

# દેશમાં હાઈપરસોનિક ગ્લાઈડ અને ક્રુઝ મિસાઈલનું ટૂંક સમયમાં પરિક્ષણ કરાશે

નવી દિલ્હી,તા.૦૨

ભારતના સંરક્ષણ ક્ષેત્રમાં ટૂંક સમયમાં એક ઐતિહાસિક સિધ્ધિ ઉમેરાવા જઈ રહી છે. તાજેતરમાં ડીઆરડીઓના અધ્યક્ષ સમીર વી. કામતે રાષ્ટ્રીય સુરક્ષા સમિટમાં મહત્વની જાહેરાત કરતા જણાવ્યું કે ભારત હાલમાં હાઈપરસોનિક ગ્લાઈડ અને હાઈપરસોનિક ક્રુઝ મિસાઈલ એમ બે મુખ્ય પ્રણાલીઓ પર સક્રિયપણે કાર્ય કરી રહ્યું છે. આ પૈકી હાઈપરસોનિક ગ્લાઈડ મિસાઈલનું પરીક્ષણ ખૂબ જ નજીકના ભવિષ્યમાં શરૂ થવાની શક્યતા છે કારણ કે તે વિકાસના અંતિમ અને અદ્યતન તબક્કામાં છે.

આ મિસાઈલ બૂસ્ટર દ્વારા પ્રારંભિક વેગ મેળવીને બળતણ વગર ગ્લાઈડ કરવાની ક્ષમતા ધરાવે છે. આ ઉપરાંત અગ્નિ-૬ મિસાઈલ માટે પણ એજન્સી સંપૂર્ણ સજ્જ છે અને માત્ર સરકારની મંજૂરીની રાહ જોવાઈ રહી છે.

# હૈદરાબાદમાં કાર લારી સાથે અથડાતા એક જ પરિવારના ૬ સભ્યોના મોત

નવી દિલ્હી,તા.૦૨

હૈદરાબાદમાં આઉટર રિંગ રોડ પર શુક્રવારે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. મંદિરે દર્શન કરીને પરત ફરી રહેલા એક જ પરિવારના સાત સભ્યોની કાર રસ્તાની બાજુમાં ઉભેલી લારી સાથે પાછળથી જોરદાર રીતે અથડાઈ હતી. આ ભયાનક ટક્કરમાં એક મહિલા અને ત્રણ બાળકો સહિત કુલ છ લોકોના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત થયા હતા, જ્યારે એક મહિલા ગંભીર રીતે ઘાયલ થઈ છે.

પોલીસ તપાસ મુજબ લારીનો ચાલક સામાન બાંધવા માટે ઉભો રહ્યો હતો ત્યારે પૂરપાટ ઝડપે આવતી કાર તેમાં ઘૂસી ગઈ હતી. બીઆરએસ નેતા કે.ટી. રામા રાવે આ ઘટના અંગે ઊંડો શોક વ્યક્ત કરીને પીડિત પરિવારને સાંત્વના પાઠવી છે.


સ્થાપના વર્ષ:1959

અગ્રણી કેળવણીકાર શ્રી વસંતભાઈ ગજેરાના નેતૃત્વ અને માર્ગદર્શનથી કાર્યરત અને શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત

શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ

ઉચ્ચતર માધ્યમિક શાળા - વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહ - ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ

વિદ્યાસભા, લાઠી રોડ, અમરેલી (ગુજરાત) | સંપર્ક : 909-909-8220



સર્વોત્તમ શિક્ષણનાં સ્વપ્નદ્રષ્ટા
પ્રમુખશ્રી, વસંતભાઈ ગજેરા

શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭
રજીસ્ટ્રેશન શરૂ

ADMISSIONS OPEN 2026-27



સૌરાષ્ટ્રની એકમાત્ર શ્રેષ્ઠ શાળા એવોર્ડ પ્રાપ્ત કરતી સંસ્થા

સ્કૂલ - હોસ્ટેલ કાર્યક્ષેત્ર
સ્કૂલ - નર્સરીથી ધોરણ - ૧૨ (ગર્લ્સ & બોયઝ) હોસ્ટેલ - ધોરણ ૪ થી ૧૨ (ગર્લ્સ & બોયઝ)
સાયન્સ/કોમર્સ/આર્ટ્સ (ગુજરાતી - અંગ્રેજી અને મિશ્ર માધ્યમ)
ગર્લ્સ અને બોયઝ માટે અલગ - અલગ સંપૂર્ણ સુવિધાયુક્ત હોસ્ટેલ કેમ્પસની સુવિધાઓ..

ગજેરા કેમ્પસ - વિદ્યાસભા સ્કૂલ
K.G. to STD 12 Arts Commerce - Science
Gujarati English - Mix - Medium
Boys - Girls
STD - 4 to 12 Hostel Facilities Available

સ્કૂલ વિશેષતા:-
- અનુભવી અને નિષ્ણાંત, તજજ્ઞ શિક્ષકોની ટીમ દ્વારા સતત વ્યક્તિગત માર્ગદર્શન.
- અદ્યતન ટેકનોલોજી સાથેના સ્માર્ટ કલાસ, અટલ ટીંકરીંગ લેબ, D&T લેબ, સાયન્સ લેબ, ડિજીટલ કમ્પ્યુટર લેબ વીથ ઈન્ટરનેટ સુવિધાઓ.
- વિદ્યાર્થીઓને એકસ્ટ્રા કલાસ તેમજ રાત્રી કલાસની તદન નિઃશુલ્ક સુવિધા.
- તમામ સ્કોલરશીપ માટે સ્ટુડન્ટ્સ અને પેરેન્ટ્સને માર્ગદર્શન.
- ATI. લેબ દ્વારા બાળકોને પ્રારંભથી માનસિક વિકાસ થાય તેવું એન્જિનિયરીંગ ક્ષેત્રનું જ્ઞાન.
- સંગીત, ડાન્સ, સેલ્ફ ડિફેન્સ, સ્પોર્ટ્સ, ડિબેટ, ફોટોગ્રાફી, બિઝનેસ મેનેજમેન્ટ, AI ટેકનોલોજી, રોબોટીકલ લેબ, વોકેશનલ એજ્યુકેશન, યજ્ઞ શાળા વગેરે કલબ એક્ટીવીટી દ્વારા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસલક્ષી તાલીમ.
- ૧૦,૦૦૦ થી વધુ પુસ્તકો ધરાવતી વિશાળ લાયબ્રેરીની સુવિધા.
- અમરેલી જિલ્લા DLSS (ડિસ્ટ્રીક્ટ્સ લેવલ સ્પોર્ટ્સ સ્કૂલ) તેમજ જ્ઞાનશક્તિ રેસીડેન્શિયલ સ્કૂલ ઓફ એક્સેલન્સ ધરાવતી એકમાત્ર સંસ્થા. ૯) બાળકોમાં સ્વયં શિસ્ત, નિયમિતતા, સાહતિકતા, પ્રામાણિકતા, ભાઈચારો, નૈતિક મૂલ્યોના વિકાસ માટે વિષ્ણાંતોના સેમિનાર.
- તમામ કલાસરૂમ તેમજ પરીસરમાં CCTV કેમેરા તથા ફાયર સેફ્ટીની સુવિધા.

હોસ્ટેલ વિશેષતા:-
- બાળકોના શારીરિક અને માનસિક વિકાસ થાય તેવું તજજ્ઞ દ્વારા તૈયાર કરેલ ભોજન મેનુ તેમજ સિઝનલ ફ્રૂટ અને સવારથી સાંજ સુધીનું સર્વાંગી વિકાસ આધારીત નિવાસી શિડયુલ.
- યોગ, ધ્યાન, કસરત દ્વારા શારીરિક અને માનસિક એકાગ્રતા દ્વારા બાળકોનો સર્વાંગી વિકાસ.
- દરરોજ સવારે બે કલાક વિદ્યાર્થીઓની રૂચિ મુજબ સ્પોર્ટ્સ સેશનમાં કબડ્ડી, વોલીબોલ, ક્રિકેટ, બોડમિન્ટન, હેન્ડબોલ, એથ્લેટિક્સ, હોકી, જૂડો, ઉંચીકૂદ - લાંબીકૂદ વગેરે ઈન્ડોર-આઉટડોર સ્પોર્ટ્સ એક્ટિવિટી.
- દર મહિને હોસ્ટેલ સ્ટુડન્ટની વાલી મીટીંગ દ્વારા બાળકોના અભ્યાસિક અને સહ અભ્યાસિક પ્રોગ્રેસની જાણકારી.
- બાળકોની તબીબી તપાસ માટે દરરોજ બે ટાઈમ ડોક્ટરની વ્યવસ્થા તેમજ ૨૪ કલાક સ્થાનિક મેડિકલ સુવિધા.
- હોસ્ટેલના તમામ બિલ્ડીંગ અને પરિસરમાં CCTV કેમેરા, ફાયર સેફ્ટી તથા સિક્યુરીટીની સુવિધા અને પીવા માટે R.O, મિનરલ વોટરની વ્યવસ્થા.
- અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી સુસજ્જ સ્કૂલ, હોસ્ટેલ, ભોજનાલય તેમજ આઉટડોર- ઈન્ડોર રમત - ગમત માટે શ્રેષ્ઠ સુવિધાઓ નિહાળવા માટે આજે જ સંપર્ક કરો.

પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓને ફી સહાયની માહિતી અને આર્થિક લાભ:-
- ધોરણ-૧૦ માં A1 ગ્રેડ મેળવનાર કોઈપણ શાળાના વિદ્યાર્થીઓને ધોરણ-૧૧ સાયન્સ/કોમર્સ/આર્ટ્સમાં ૧૦૦% સ્કૂલ ફી માફી.
- ધોરણ-૧૨ સાયન્સ/કોમર્સ/આર્ટ્સમાં A1 ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓને ૧૦૦% સ્કુલ ફી પરત.
- ધોરણ-૧૦ માં A2 ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓને આર્થિક પરિસ્થિતિને અનુલક્ષીને ધોરણ-૧૧ માં સ્કૂલ ફી સહાય.
- જે વિદ્યાર્થીઓના પિતા હયાત ન હોય તેવા વિદ્યાર્થીઓને સંસ્થા તરફથી ૧૦% થી ૫૦% હોસ્ટેલ ફી માફ અને આર્થિક પરિસ્થિતિને અનુરૂપ સીટીના વિદ્યાર્થીઓને ૧૦% થી ૫૦% સુધીની સ્કૂલ ફી માફી.
- જે વિદ્યાર્થીઓના માતા-પિતા અથવા ભાઈ-બહેન ગંભીર બિમાર હોય અને તેઓના ખર્ચ પેટે અંકે રૂા.૫,૦૦,૦૦૦/- થી વધુ ખર્ચ થયેલ હોય તેવા કિસ્સાઓમાં વિદ્યાર્થીઓને સ્કૂલ ફી સહાય.
- ધોરણ-૧૧ અને ૧૨ માં વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓને સરકારશ્રી તરફથી 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના' યોજના અંતર્ગત અંકે રૂા. ૨૫,૦૦૦/- તેમજ ધોરણ-૯ થી ૧૨ માં કન્યાઓને અંકે રૂા. ૫૦,૦૦૦/- ની સરકારશ્રી તરફથી 'નમો લક્ષ્મી" યોજના અંતર્ગત શિષ્યવૃત્તિ સહાય મળવાપાત્ર હોય છે.
- સરકારશ્રીના ધારા-ધોરણ મુજબ RTE માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને ધોરણ-૧ થી ૮ નું નિઃશુલ્ક શિક્ષણ
- સરકારશ્રી તરફથી ધોરણ-૧ થી ૮ RTE માં અભ્યાસ કરેલા વિદ્યાર્થીઓ માટે મુખ્યમંત્રી જ્ઞાન સાધના યોજના અંતર્ગત ધોરણ-૯ થી ૧૨ સુધીના અભ્યાસ માટે અંકે રૂા. ૪૮,૦૦૦/- સ્કોલરશીપ સહાય.
- સરકારશ્રીની ભોજનબિલ સહાય યોજના અંતર્ગત ધોરણ-૯ થી ૧૨ ની જનરલ કેટેગરીના દિકરાઓને સ્કોલાર શીપ સહાય, "સરકારશ્રીના ધારા-ધોરણ મુજબ તમામ શિષ્યવૃત્તિ સહાય વિદ્યાર્થીઓને મળવાપત્ર.
- સંસ્થાના કર્મચારીઓના બાળકોને ૫૦% સ્કૂલ ફી માફી. (શરતોને આધીન)
- સંસ્થા તરફથી જે વિદ્યાર્થીઓના પિતા ભારતીય સૈન્યમાં સેવા આપતા હોય તેવા વિદ્યાર્થીઓને 30% સ્કૂલ ફી માફી, પિતા સૈન્યમાં શહીદ થયેલ હોય તેવા બાળકોને ૧૦૦% સ્કૂલ ફી માફી.
- ધોરણ-૧૦ માં A1 ગ્રેડ મેળવનાર કોઈપણ શાળાના વિદ્યાર્થીઓને ધોરણ-૧૧ સાયન્સ/કોમર્સ/આર્ટ્સમાં ૧૦૦% સ્કૂલ ફી માફ.
- ધોરણ-૧૨ સાયન્સ/કોમર્સ/આર્ટ્સમાં A1 ગ્રેડ મેળવનાર શાળાના વિદ્યાર્થીઓને ૧૦૦% સ્કૂલ ફી પરત.
- ધોરણ-૧૦ માં A2 ગ્રેડ મેળવનાર વિદ્યાર્થીઓને આર્થિક પરિસ્થિતિને અનુલક્ષીને ધોરણ-૧૧ માં સ્કૂલ ફી સહાય.
- ધોરણ-૧૧ અને ૧૨ માં વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓને સરકારશ્રી તરફથી 'નમો સરસ્વતી વિજ્ઞાન સાધના" યોજના અંતર્ગત અંકે રૂા. ૨૫,૦૦૦/- તેમજ ધોરણ-૯ થી ૧૨ માં કન્યાઓને અંકે રૂા. ૫૦,૦૦૦/-નીસરકારશ્રી તરફથી નમો લક્ષ્મી યોજના અંતર્ગત શિષ્યવૃત્તિ સહાય મળવાપાત્ર હોય છે.
- કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવાના હેતુસર હોસ્ટેલમાં પ્રવેશ મેળવતી દીકરીઓને અંકે રૂા. ૧૫,૦૦૦/- હોસ્ટેલ ફી સહાય.
- સાયન્સ એન્ટ્રન્સ ટેસ્ટ આપી ૧૦% થી ૫૦% સુધીની સ્કૂલ ફી સહાય.

અભ્યાસનાં નામે મોટો ખર્ચ કરતા પહેલા વધુ જાણકારી મેળવવા અને તમામ સુવિધાઓ રૂબરૂ નિહાળવા સંસ્થા પરિવાર આપને આવકારે છે

૧૦૦ એકરનાં વિશાળ કેમ્પસમાં અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અદ્યતન ટેકનોલોજીથી સુસજ્જ સંસ્થા કે જ્યાં સ્કુલ અને હોસ્ટેલની સુવિધા સાથે

એડમિશન હેલ્પલાઇન નંબર
૯૦૯-૯૦૯-૮૨૨૦
(૦૨૭૯૨) ૨૩૦૫૧૧/૬૧૧/૭૧૧

સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
રવિવાર, તા.૦૩-૦૫-૨૦૨૬

માતા-પુત્રને પતરા ચીરી બહાર કાઢ્યા, પિતરાઇ ભાઈને સારવાર હેઠળ અમરેલી ખસેડાયો

# અમરેલીના ગાવડકા નજીક અકસ્માતમાં બગસરાના માતા-પુત્રના મોત

અમરેલી,તા.૦૨

અમરેલી ના ગાવડકા નજીક શનિવારના રોજ બપોરના સમયે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો, જેમાં બગસરાના એક જ પરિવારના માતા અને પુત્રએ જીવ ગુમાવ્યા છે. આ અકસ્માત એટલો ભયાનક હતો કે કાર અને એસ.ટી. બસ વચ્ચેની ટક્કર બાદ કાર પડીકું વળી ગઈ હોય તેવી હાલતમાં જોવા મળી હતી. આ ઘટનામાં ૨૬ વર્ષીય યુવાન પુત્ર અને તેની ૫૦ વર્ષીય માતાનું કરૂણ મોત થતા સમગ્ર બગસરા પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે.ઘટનાની વિગતવાર માહિતી મુજબ, બગસરાના બંગલી ચોક વિસ્તારમાં સથવારાના ચોરા પાસે રહેતા અભય મુકેશભાઈ હીરપરા પોતાના પિતરાઈ ભાઈ હીતનું ધોરણ ૯નું પરિણામ લેવા માટે અમરેલી આવ્યા હતા. હીત અમરેલીની વિદ્યાસભામાં અભ્યાસ કરતો હોવાથી અભય તેની માતા કલ્પનાબેન અને હીતને લઈને પોતાના મિત્રની કાર માંગીને અમરેલી પહોંચ્યા હતા. શનિવારે બપોરે અંદાજે ૧ વાગ્યાની આસપાસ જ્યારે તેઓ પરિણામ લઈને બગસરા પરત ફરી રહ્યા હતા, ત્યારે ગાવડકા ચોકડી પસાર કર્યા બાદ તુરંત જ સામેથી આવતી માંગરોળ-અમરેલી રૂટની એસ.ટી. બસ સાથે તેમની કારનો



જોરદાર અકસ્માત થયો હતો. અકસ્માત એટલો પ્રચંડ હતો કે કાર ચલાવી રહેલા અભય હીરપરાનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. સ્થાનિક લોકો અને રાહદારીઓએ તુરંત દોડી આવી બચાવ કામગીરી શરૂ કરી હતી, પરંતુ કારમાંથી માતા-પુત્રને બહાર કાઢવા માટે કારના પતરા ચીરવાની ફરજ પડી હતી. ગંભીર રીતે ઈજાગ્રસ્ત કલ્પનાબેનને તાત્કાલિક અમરેલીની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ કમનસીબે સારવાર મળે તે પહેલા જ તેમણે પણ દમ તોડી દીધો હતો. બીજી તરફ, પાછળની સીટ પર બેઠેલા ૧૫ વર્ષીય હીત અતુલકુમાર હીરપરાને સામાન્ય ઈજાઓ પહોંચી હતી અને તેનો ચમત્કારિક બચાવ થયો હતો. એસ.ટી. બસના કંડકટરના જણાવ્યા અનુસાર, કાર અચાનક સીધી બસ સાથે અથડાઈ હતી. આ અકસ્માતને પગલે અમરેલી તાલુકા પોલીસ અને ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને ટ્રાફિક હળવો કરાવવાની કામગીરી હાથ ધરી હતી. એક તરફ પુત્રના સારા પરિણામની ખુશી હતી અને બીજી તરફ કાળનો પંજો આ પરિવાર પર ત્રાટક્યો, જેના કારણે બગસરામાં રહેતા હીરપરા પરિવાર પર આભ ફાટી પડ્યું છે. પોતાના મિત્રની કાર લઈને ગયેલા યુવાન પુત્ર અને માતાના અંતિમ સમાચાર મળતા જ જ્ઞાતિજનો અને સ્નેહીજનોમાં ભારે ગમગીની વ્યાપી ગઈ છે.

# કૌશિક વેકરીયાના પ્રયત્નોથી ગાવડકા-ચલાલા અને જાળીયા સણોસરા રોડનું રિ-સર્ફેસિંગ થશે

અમરેલી,તા.૦૨

અમરેલી વિધાનસભાના વિકાસને વેગ આપવા માટે રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરિયા દ્વારા મહત્વપૂર્ણ માર્ગ નવીનીકરણના પ્રોજેક્ટોને મંજૂરી અપાઈ છે. અમરેલી તાલુકાના જાળિયા–સણોસરા માર્ગ માટે રૂ. ૨૧૦ લાખના ખર્ચે આશરે ૪ કિમી વિસ્તારમાં રિસર્ફેસિંગ કાર્ય હાથ ધરાશે. આથી માર્ગની ગુણવત્તામાં સુધારો થશે અને ગ્રામિણ વિસ્તારો વચ્ચેની કનેક્ટિવિટી મજબૂત બનશે. તે ઉપરાંત, ગાવડકા—ચલાલા સ્ટેટ હાઈવેના નવીનીકરણ માટે રૂ. ૧૦૫ લાખ મંજૂર કરવામાં આવ્યા છે, જેમાં આશરે ૧



કિમી માર્ગનું રિસર્ફેસિંગ થશે. મંત્રીએ જણાવ્યું કે લોકોની રજૂઆતોને ધ્યાનમાં રાખીને આ નિર્ણયો લેવામાં આવ્યા છે.આ બંને પ્રોજેક્ટોથી સ્થાનિક વાહનવ્યવહાર વધુ સરળ બનશે, સમય અને ઈંધણની બચત થશે તેમજ ગ્રામજનોને સુવિધા મળશે. સરકાર અંત્યોદયના સિદ્ધાંત અનુસાર ગામડાં સુધી સારો માર્ગ વ્યવહાર પહોંચાડવા પ્રતિબધ્ધ છે.

# અમરેલીના જેસિંગપરામાં ટેમ્પો-બાઈક વચ્ચે અકસ્માતમાં પ્રૌઢનું મોત

અમરેલી,તા.૦૨

અમરેલી શહેરના જેશિંગપરા વિસ્તારમાં આવેલી ઠેબી નદીના પુલ પર વહેલી સવારે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો, જેમાં મીની ટેમ્પો અને બાઈક વચ્ચે થયેલી જોરદાર ટક્કરમાં ૬૩ વર્ષીય નાનુભાઈ બાલુભાઈ ચોવટીયાનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. આ અકસ્માતમાં તેમના પત્ની મંજુબેન પણ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે, જેમને સારવાર અર્થે ખસેડાયા છે. જોકે, આ દુર્ઘટના બાદ સૌથી વધુ આઘાતજનક બાબત એ સામે આવી કે મૃતદેહ બે કલાકથી વધુ સમય સુધી રસ્તા પર રઝળતો રહ્યો હતો. મૃતકના સ્વજનો અને સ્થાનિકોનો આક્ષેપ છે કે કાયદાકીય પ્રક્રિયા અને એમ્બ્યુલન્સની સુવિધાના અભાવે માનવતા નેવે મુકાઈ હતી. અકસ્માતના આટલા સમય બાદ



પણ યોગ્ય કાર્યવાહી ન થતા વહીવટી તંત્રની સંવેદનશીલતા અને સજ્જતા સામે અનેક ગંભીર પ્રશ્નો ઉભા થયા છે. તંત્રની આ ઢીલી નીતિને કારણે લોકોમાં નારાજગી જોવા મળી રહી છે.

# અમરેલીના માથાભારે શખ્સને પાસા તળે ભુજ જેલમાં ધકેલાયો

અમરેલી,તા.૦૨

અમરેલી જિલ્લામાં મિલકત સંબંધી ગુનાઓમાં સંડોવાયેલ અસામાજિક તત્વો વિરુધ્ધ કડક અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અંતર્ગત ધારી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર કે.બી. જાડેજાએ તૈયાર કરેલી પાસા દરખાસ્તને જિલ્લા મેજિસ્ટ્રેટ વિકલ્પ ભારદ્વાજે મંજૂરી આપી છે. પોલીસ અધિક્ષકની સૂચના મુજબ અમરેલી એલ.સી.બી. પી.આઈ. સી.પી. વાઘેલાએ આ કાર્યવાહી અમલી બનાવી છે. આરોપી દેવચંદ ઉર્ફે કાલો રવજીભાઈ સોલંકી (ઉં.વ. ૪૩), જે રોકડીયાપરા, અમરેલીનો રહેવાસી છે, તેને પાસા વોરંટની બજવણી કરી



પાલરા સ્પેશિયલ જેલ, કચ્છ-ભુજ ખાતે જેલહવાલે કરવામાં આવ્યો છે.

# બગસરા પોલીસ સ્ટેશનનો નાસતો ફરતો આરોપી ઝડપાયો

બગસરા,તા.૦૨

બગસરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુનાનો આરોપી મનુભાઈ નાજાભાઈ સેલાર લાંબા સમયથી ફરાર હતો. આરોપીએ બે માસ પૂર્વે ફરિયાદીની રૂ. ૫,૫૦,૦૦૦/- ની કિંમતની ફોર્ડ ઈકોસ્પોર્ટ ગાડી તેમની જાણ બહાર અન્ય વ્યક્તિને વેચી ગુનો આચર્યો હતો. અમરેલી પોલીસે હ્યુમન ઈન્ટેલિજન્સ અને



ટેકનિકલ સોર્સના આધારે તપાસ હાથ ધરી આરોપીને રાધેશ્યામ ચોકડી પાસેથી ઝડપી લેવામાં આવ્યો હતો.

# રાજુલા પોલીસે ચોરાઉ બાઈક સાથે એક શખ્સને ઝડપી પાડ્યો

રાજુલા,તા.૦૨

રાજુલા પોલીસ સ્ટેશન દ્વારા એક મહત્વની સફળતા મેળવતા નવાબંદર મરીન પોલીસ મથકના વણઉકેલાયેલ ચોરીના ગુનાનો ભેદ ઉકેલી નાખવામાં આવ્યો છે. સર્વેલન્સ સ્ટાફે ચોક્કસ બાતમીના આધારે રાજુલા ટાઉનમાંથી 'દુડી' તરીકે ઓળખાતા મેહુલ મથરુભાઈ વાઘેલાને ઝડપી પાડ્યો છે. આ શખ્સ પાસેથી રૂપિયા ૧૦,૦૦૦ ની કિંમતનું હીરો સ્પ્લેન્ડર પ્લસ મોટરસાયકલ કબજે કરવામાં આવ્યું છે. પકડાયેલ આરોપી હિસ્ટ્રીશીટર હોવાનું અને અગાઉ પણ અનેક ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલો હોવાનું તપાસમાં બહાર આવ્યું



છે. હાલ પોલીસે મુદામાલ સાથે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સા.કુંડલાના વિકાસ કાર્યો અંગે મહેશ કસવાલાએ સમીક્ષા બેઠક યોજી

સાવરકુંડલા,તા.૦૨

સાવરકુંડલા નગરપાલિકા વિસ્તારમાં ચાલી રહેલા વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટોની પ્રગતિની સમીક્ષા કરવા માટે અટલ ધારા કાર્યાલય ખાતે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની અધ્યક્ષતામાં એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં નગરપાલિકાના વિવિધ



વિભાગોના ઉચ્ચ અધિકારીઓ અને સંગઠનના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન શહેરમાં ચાલી રહેલા માર્ગોના નિર્માણ, પાણી પુરવઠો, ગટર વ્યવસ્થા અને સ્વચ્છતા અભિયાન જેવા પાયાના પ્રકલ્પોની ઝીણવટભરી ચકાસણી કરવામાં આવી હતી. ધારાસભ્યએ દરેક પ્રોજેક્ટની વર્તમાન સ્થિતિ જાણીને વિલંબિત કાર્યોને ઝડપથી પૂર્ણ કરવા માટે સ્પષ્ટ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે ખાસ ભારપૂર્વક જણાવ્યું હતું કે વિકાસના કાર્યોમાં ગુણવત્તા સાથે કોઈ પણ પ્રકારની બાંધછોડ ચલાવી લેવામાં આવશે નહીં.

# અમરેલી ખાતે ગજેરા સંકુલમાં સ્ટાફ આભાર પ્રસ્તાવ કાર્યક્રમ યોજાયો

અમરેલી,તા.૦૨

અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત દ્વારા શહેરમાં સંચાલિત સ્કૂલ-કોલેજ-હોસ્ટેલ- ગજેરા શૈક્ષણિક સંકુલ ખાતે તા. ૦૧/૦૫/૨૦૨૬ના રોજ સ્ટાફ આભાર પ્રસ્તાવ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં



લેબરથી લઈને ડાયરેક્ટર સુધીના તમામ સ્ટાફ, મુખ્ય મહેમાન પ્રમુખ તથા ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન સ્ટાફે ગીત-સંગીત, લોકસાહિત્ય, દુહા, કાવ્ય, લોકગીત, ભજન, જોક્સ અને ફિલ્મી ગીતો જેવી વિવિધ વિર્ધાર્થીનીઓએ કૃતિઓ રજૂ કરી હતી. અંતે સૌનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો અને કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.









# અમરેલીમાં ભોજલરામ પ્રાગટ્ય મહોત્સવ અંતર્ગત સત્યનારાયણ કથા યોજાઈ

અમરેલી,તા.૦૨





અમરેલી શહેરના આંગણે સહકાર પરિવાર દ્વારા ભોજલરામ બાપાની મઢૂલી ખાતે પરમ પૂજ્ય ભોજલરામ બાપાના પ્રાગટ્ય મહોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ મંગલ અવસરે ભગવાન સત્યનારાયણ દેવની કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક કાર્યક્રમમાં વિશાળ સંખ્યામાં ભક્તો અને દર્શનાર્થીઓ ઉમટી પડ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં ભોજલરામ બાપાની પ્રતિમાને હાર પહેરાવીને ભાવપૂર્ણ વંદન કરવામાં આવ્યા હતા અને ત્યારબાદ ઉપસ્થિત તમામ લોકો દ્વારા સમૂહ આરતી કરવામાં આવી હતી, જેનાથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. આ પવિત્ર પ્રસંગે અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, લેઉવા પટેલ સમાજના પ્રમુખ ડી.કે. રૈયાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે સમાજ અગ્રણીઓ કાળુભાઈ કાછડીયા, કાંતિભાઈ વઘાસીયા અને નિકુંજભાઈ સાવલીયાએ પણ હાજરી આપી હતી.અમર ડેરીના એમ.ડી. ડો. આર.એસ. પટેલ અને ડિરેક્ટર ભાવનાબેન ગોંડલીયા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત ચંદુભાઈ રામાણી, રાજેશભાઈ માંગરોળીયા, પિયુષભાઈ શુક્લ, ઘનશ્યામભાઈ રૈયાણી, ભરતભાઈ બાવીશી, ઘનશ્યામભાઈ ત્રાપસીયા, નિમેષભાઈ બાંભરોલીયા અને રાજેશભાઈ ગઢીયા સહિતના અનેક મહાનુભાવો અને બહોળી સંખ્યામાં ધર્મપ્રેમી જનતાએ ઉપસ્થિત રહીને આ ધાર્મિક ઉત્સવની શોભા વધારી હતી. આ કથા પૂજનના કાર્યમાં મુખ્ય યજમાન તરીકે કિશનભાઈ સંઘાણીએ સહપરિવાર ધર્મકાર્યનો લાભ લીધો હતો, તેમ અખબારી યાદીના અંતમાં જણાવવામાં આવ્યું છે.

## ફીફાદ ગામની યુવતી ગારીયાધાર હટાણું કરવા જાવ છું કહીને નીકળ્યા બાદ લાપતા બની

વંડા, તા.૦૨

ફીફાદ ગામની યુવતી ગારીયાધાર હટાણું કરવા જાવ છું કહીને ઘરેથી નીકળ્યા બાદ લાપતા બની હતી. શોધખોળ કરવા છતાં ભાળ ન મળતાં પોલીસને જાણ કરી હતી. આ અંગે અરૂણાબેન દિપકભાઈ બેરડીયા (ઉ.વ.૪૫)એ જાહેર કર્યા મુજબ, તેમની દિકરી ગારીયાધાર હટાણું કરવા જાવ છું તેવુ કહીને ઘરેથી નીકળ્યા બાદ ક્યાંક જતી રહી હતી અને પરત ફરી નહોતી. આ યુવતીની કોઈ ભાળ મળે તો જાણ કરવા વિનંતી કરવામાં આવી છે. લાઠીના દેરડી (જાનબાઈ) ગામેથી નરેશભાઈ મનજીભાઈ પરમાર (ઉ.વ.૩૭) પોતાની ઘરેથી તેનું મોટર સાઈકલ લઈ કોઈને કાંઈ પણ કહ્યા વગર ક્યાંક જતા રહ્યા હોવાનું પોલીસમાં જાહેર થયું હતું.

## સાવરકુંડલામાં અમૃત સરોવર ખાતે ફેઝ-૨ નું મહેશ કસવાળા દ્વારા નિરીક્ષણ

સાવરકુંડલા,તા.૦૨



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલામાં અમૃત સરોવર ખાતે ફેઝ-૨ હેઠળ ચાલી રહેલી વિકાસલક્ષી કામગીરીનું ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા પ્રત્યક્ષ મુલાકાત લઈ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું હતું કે અમૃત સરોવરનો સર્વાંગી વિકાસ વિસ્તાર માટે ઉત્તમ સુવિધાઓ સાથેનું એક આકર્ષક પર્યટન સ્થળ ઉપલબ્ધ થશે. તેમણે ચાલી રહેલા કાર્યોની પ્રગતિ અંગે વિગતવાર માહિતી મેળવી હતી અને કામની ગુણવત્તા જાળવવા તેમજ નિર્ધારિત સમયમર્યાદામાં પ્રોજેક્ટ પૂર્ણ કરવા પર વિશેષ ભાર મૂક્યો હતો. વિકાસ કાર્યોમાં પારદર્શિતા અને ઝડપ જળવાઈ રહે તે હેતુથી તેમણે સંબંધિત અધિકારીઓને કડક સૂચનાઓ આપી હતી. આ મુલાકાત દરમિયાન નગરપાલિકાના ચીફ ઓફિસર, એન્જિનિયર્સ અને અન્ય હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે ચાલી રહેલા વિવિધ કામોની ટેકનિકલ વિગતો રજૂ કરી હતી.

## બાબરાના કરણુકી ગામના પાટીયા પાસેથી બાઈક પર થતી દારૂની ખેપ ઝડપાઈ

બાબરા, તા.૦૨

બાબરાના કરણુકી ગામના પાટીયા પાસેથી મોટર સાયકલ પર થતી દારૂની ખેપ ઝડપાઈ હતી. ગરણી ગામે રહેતો અનિલભાઈ કિશોરભાઈ કીડીયા મોટર સાયકલ લઈને પસાર થતો હતો ત્યારે તેને અટકાવી તલાશી લેતાં ભારતીય બનાવટના વિદેશી દારૂની ૮૬ બોટલ મળી હતી. પોલીસે દારૂની બોટલ, મોટર સાયકલ મળી કુલ રૂ. ૫૨,૬૪૨નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. સાવરકુંડલામાં નેસડી રોડ ચોકડીએથી અંકીતભાઈ સુરેશભાઈ તરસીયા તથા વજુભાઈ મગનભાઈ સરવૈયા ભારતીય બનાવટના વિદેશી બીયર ટીન નંગ-૨૨ સાથે ઝડપાયા હતા.તેમની પાસેથી રૂ.૨૬૪૦નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. જિલ્લામાંથી ૯ લોકો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

## ખાંભામાં પતિના અન્ય સ્ત્રી સાથેના સંબંધોનો વિરોધ કરતા પત્ની પર અત્યાચાર

ખાંભા, તા.૦૨

ખાંભામાં એક ચોંકાવનારી ઘટના સામે આવી હતી. પતિના અન્ય સ્ત્રી સાથેના સંબંધોનો વિરોધ કરતા પત્ની પર અત્યાચાર ગુજાર્યો હતો. તેમજ તારા લીધે સંતાન થતા નથી કહી મારઝૂડ કરી હતી. હાલ ચલાલામાં રહેતા શિલ્પાબેન હરિભાઈ વાળા (ઉ.વ.૩૪)એ ખાંભામાં રહેતા પતિ મુકેશભાઈ દામજીભાઈ પરમાર સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ પતિને અન્ય કોઈ સ્ત્રી સાથે પ્રેમ સંબંધ હોવાની જાણ તેમને થતા તેણે આ બાબતે પતિને ઠપકો આપ્યો હતો. પતિ કોઈ કામધંધો કરતો ન હોવાથી પત્નીએ તેને ઘર ચલાવવા માટે વ્યવસાય કરવા જણાવ્યું હતું, જે બાબતે આરોપી પતિએ ઝઘડો કરી ગાળાગાળી કરી હતી. આરોપી પતિ અવારનવાર દારૂ પીને ઘરે આવતો અને કામ બાબતે પત્ની સાથે માથાકૂટ કરી શારીરિક અને માનસિક ત્રાસ ગુજારતો હતો. નિર્દયતાની હદ વટાવતા પતિએ તારા લીધે સંતાન થતા નથી તેમ કહી પત્નીને મેણા-ટોણા માર્યા હતા. તેમજ માનસિક ત્રાસ આપ્યો હતો.

## લાઠીના આંબરડીની સગીરાને યુવક ભગાડી ગયો

લાઠી, તા.૦૨

લાઠીના આંબરડી ગામની એક સગીરાને યુવક લગ્નની લાલચ આપી, બદકામના ઈરાદે ભગાડી ગયો હતો. બનાવ અંગે સગીરાના પિતાએ ગઢડા તાલુકાના પાટણા (માલજીના) બલી મનસુખભાઈ વણોદિયાએ ફરિયાદ નોંધાવી હતી. તેની સગીર પુત્રીને કાયદેસરના વાલીપણમાંથી લલચાવી, ફોસલાવી, બદકામ કરવાના ઈરાદે ભગાડીને લઈ ગયો હતો.

## સા.કુંડલામાં પત્ની પિયર ચાલી જતાં પતિને માઠું લાગી આવતાં ઝેરી દવા ગટગટાવી

સાવરકુંડલા, તા.૦૨

સાવરકુંડલામાં એક યુવાને પત્ની સાથે થયેલા ઘરકંકાસ બાદ મનમાં લાગી આવતા ઝેરી દવા ગટગટાવી જીવન ટૂંકાવ્યું હોવાની કરુણ ઘટના સામે આવી હતી. પત્ની એક માસથી પિયર હોવાથી એકલતા અને વિષાદમાં આ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જણાઈ રહ્યું છે. જેન્તીભાઈ બચુભાઈ માંડાણી (ઉ.વ.૫૦)એ જાહેર કર્યા મુજબ, પ્રહલાદભાઈ જયંતિભાઈ માંડાણી અને તેની પત્ની વચ્ચે આજથી આશરે એક માસ પૂર્વે કોઈ કારણોસર ઉગ્ર બોલાચાલી થઈ હતી. આ ઝઘડા બાદ પત્ની રિસાઈને તેના પિયર ચાલી ગઈ હતી. પત્ની પિયર જતી રહી હોવાથી અને પરત ન ફરતા ભારે માનસિક તણાવમાં હતો. પત્ની સાથેના વિયોગ અને ઝઘડાની વાતનું તેને મનમાં ઓછું આવ્યું હતું. આ બાબતથી વ્યથિત થઈને યુવાને પોતાના ઘરે પોતે પોતાની મેળે ઉંદર મારવાની ઝેરી દવા પી લીધી હતી.

દવા પીધા બાદ હાલત લથડતા તેને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ કમનસીબે સારવાર કારગત ન નીવડતા તેનું કરુણ મોત નીપજ્યું હતું. એક માસ પહેલાના સામાન્ય ઝઘડાએ એક પરિવારનો માળો વિખેરી નાખતા પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ હતી. સાવરકુંડલા ટાઉન પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી હતી.

## બગસરામાં યુવકે, ગાધકડા ગામે પરિણીતાએ ઝેરી દવા પીધી

અમરેલી, તા.૦૨

અમરેલી જિલ્લામાં વધુ બે લોકોએ ઝેરી દવા પીધી હતી. સાવરકુંડલાના ગાધકડા ગામે રહેતા અલ્પેશભાઈ ધીરૂભાઈ ઠુમ્મર (ઉ.વ.૩૧)એ જાહેર કર્યા મુજબ, તેમના પત્ની જીનલબેન (ઉ.વ.૨૭)ને છેલ્લા ત્રણ વર્ષથી માનસિક તથા શ્વાસની બીમારી હતી. જેનાથી કંટાળી ઘઉંમાં નાખવાનો ઝેરી પાઉડર પી લેતા મરણ પામ્યા હતા. બીજા બનાવમાં બગસરામાં રહેતા નિવૃત્ત શિક્ષક ચતુરભાઈ વિરજીભાઈ બાબરીયા (ઉ.વ.૫૮)એ જાહેર કર્યા મુજબ, પુનીતકુમાર કાંતિભાઈ વેગડા (ઉ.વ.૩૮)એ પોતાની મેળે ઝેરી દવા પી જતાં સારવાર દરમિયાન મોત થયું હતું.


સ્પે. વેકેશન બેચ
સ્પોકન ઈંગ્લિશ
સમય : સવારે ૮ થી ૧૦, બપોરે ૪ થી ૬
કોર્ષ ફી : Rs. 2500/-
ઓજસ કલાસીસ - અમરેલી
દિપક ભટ્ટ - મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧

CHANGE OF NAME
I Undersing I LOKAT HAIDAR FAKARUDINBHAI have changed my name from LOKAT HAIDARALI FAKRUDDIN To LOKAT HAIDAR FAKARUDINBHAI Now i will be known as LOKAT HAIDAR FAKARUDINBHAI
Sing : LOKAT HAIDAR FAKARUDINBHAI
Address: GHANTIVALO KHACHO. SANDHI CHOK, AT-SAVARKUNDLA, DIST-AMRELI-364515

સંકુલ PG ગર્લ્સને
સન્ડે મોર્નિંગ
સીટીમાં જવાની
પેરેન્ટ્સ સમંતિથી છૂટ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી -Ad 032

સંકુલ સ્કૂલ બસ - મેડીકલ વાન - ટેમ્પુડી સ્ક્રેપમાં આપવાની છે.

| કંપની-મોડેલ | બસ નંબર | સીટીંગ-કેપેસીટી | ખરીદી વર્ષ | ઓનર |
|---|---|---|---|---|
| TATA સ્કૂલ બસ | GJ-14-T-0459 | 15 + 1 | 28/06/2005 | 01 |
| TATA મેડીકલ વાન | GJ-14-T-0623 | 09 + 1 | 15/10/2007 | 01 |
| TATA ઓપન ટેમ્પેડી | GJ-14-T-4637 | --- | 22/12/2006 | 01 |

★ ઉપરોક્ત બસ – મેડીકલ વાન તેમજ ટેમ્પુડી સંસ્થાની માલીકીની છે. જે ત્રણેય વસ્તુ સ્કેપ માં આપવાની છે.
★ ઉપરોક્ત ત્રણેય વસ્તુ સ્કેપમાં આપવાની હોય તા. ૦૩/૦૫/૨૦૨૬ થી ૧૦/૦૫/૨૦૨૬ સુધી માં સંસ્થા એ રૂબરૂ જોઈ અને બંધ કવર માં ભાવ આપી જવા
★ બસ અર્થે સંપર્ક – ધર્મેશભાઈ કોલડીયા – ૯૩૭૭૨૦૮૯૫૯
સંકુલ ટેલીફોન નંબર – (૦૨૭૯૨) ૨૩૨૩૨૧ – ૨૬
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી -Ad 031



CLEARANCE SALE
T-SHIRTS @ ₹399
POLOS @ ₹499
SHIRTS @ ₹699
TROUSERS @ ₹699
DENIMS @ ₹799
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
મનિષ વાકોતર
વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.


અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

શું તમને સાંભળવાની તકલીફ છે ?

નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
સરકારી નોકરીયાત/પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં ૧૦૦% સહાય ફ્રિ

કાનની અંદરનું મશીન
કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર
Dream Family spa
Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા

ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા અમરેલી - 365601

# સા.કુંડલા સ્વામિનારાયણ ગુરૂકુળમાં નેત્ર અને દંત નિદાન કેમ્પ યોજાયો

સાવરકુંડલા,તા.૦૨




સ્વામિનારાયણ ગુરુકુલ સાવરકુંડલા દ્વારા દર માસના પ્રથમ શુક્રવાર શાસ્ત્રી સ્વામી જ્ઞાનપ્રસાદદાસજીની પાવન સ્મૃતિમાં ૩૪૭મો વિનામૂલ્યે નેત્ર નિદાન અને દંત ચિકિત્સા યજ્ઞ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. સંસ્થાના વડા શાસ્ત્રી ભગવતપ્રસાદદાસજી સ્વામી અને કોઠારી અક્ષરમુક્તદાસજી સ્વામીના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કેમ્પમાં વિરનગરના નિષ્ણાત તબીબો અને રાજકોટના ડો. જયસુખભાઈ મકવાણાની ટીમે ઉત્કૃષ્ટ સેવાઓ આપી હતી. કુલ ૯૮ દર્દીઓની તપાસ બાદ ૨૩ દર્દીઓને મોતિયાના ઓપરેશન માટે સંસ્થાના ખર્ચે વિરનગર મોકલાયા હતા. વધુમાં ૨૦ દર્દીઓના દાંતનું નિદાન કરી આયુર્વેદિક 'જાલંધર બંધ' વિધિ દ્વારા વિના ઈન્જેક્શન દાઢ કાઢી આપવામાં આવી હતી.


# ધારીના લક્ઝરી રિસોર્ટમાં અમદાવાદના સોની વેપારીના રૂમમાંથી રૂ.૧૧.૪૯ લાખની ચોરી

ધારી, તા. ૨

અમરેલી જિલ્લાના ધારી-તુલસીશ્યામ રોડ પર આવેલા જાણીતા 'ધ ફન વિસ્ટેરિયા' રિસોર્ટમાં ચોરીની મોટી ઘટના સામે આવી હતી. અમદાવાદના બાપુનગર વિસ્તારમાં રહેતા એક સોની વેપારી પરિવાર સાથે અહીં રોકાયા હતા, ત્યારે મોડી રાત્રે અજાણ્યા તસ્કરે રૂમમાં પ્રવેશી સોનાના દાગીના અને રોકડ સહિત કુલ રૂ. ૧૧,૪૯,૦૦૦ ના મતાની ચોરી કરી પલાયન થઈ ગયો હતો. આ અંગે અમદાવાદ-બાપુનગર વિસ્તારમાં રહેતા અને સોની કામ કરતાં વેપારી હરેશભાઈ મોહનભાઈ લુહારે અજાણ્યા ચોર ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તસ્કર રિસોર્ટની પાછળની દીવાલ ટપીને અંદર પ્રવેશ કર્યો હતો. ત્યારબાદ રિસોર્ટના રૂમ નં. ૪૦૫ના પાછળના ભાગેથી ચઢીને કાચનો સ્લાઈડર દરવાજો ખોલી રૂમમાં પ્રવેશ કર્યો હતો. તસ્કરે રૂમમાં રાખેલી હેન્ડબેગને નિશાન બનાવી હતી જેમાં સોનાનું મંગળસૂત્ર, સોનાની વીંટીઓ, સોનાની બુટ્ટી, પત્ની અને પુત્રીની બે કાંડા ઘડિયાળ તથા રોકડ રૂ. ૯,૦૦૦ હતા. કુલ મળી રૂ.૧૧,૪૯,૦૦૦ના મુદ્દામાલની ચોરી થઈ હતી. રિસોર્ટ જેવા સુરક્ષિત મનાતા સ્થળે સ્લાઈડર દરવાજો ખોલી થયેલી આ ચોરીએ પ્રવાસીઓની સુરક્ષા સામે સવાલો ઉભા કર્યા હતા. પોલીસે રિસોર્ટના સીસીટીવી ફૂટેજ મેળવી તસ્કર સુધી પહોંચવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# રાજકોટ કોર્ટના વોરંટમાં ફરાર આરોપી અમરેલીથી ઝડપાયો

અમરેલી,તા.૦૨



અમરેલી પોલીસ દ્વારા રાજકોટની આઠમી એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટ દ્વારા જાહેર કરાયેલા પકડ વોરંટના ગુનામાં લાંબા સમયથી નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડવામાં આવ્યો છે. પોલીસ અધિક્ષક સંજય ખરાત અને જયવીર ગઢવીના માર્ગદર્શન હેઠળ પેરોલ-ફર્લો સ્ક્વોર્ડે હ્યુમન ઈન્ટેલીજન્સ અને ટેકનિકલ સોર્સનો ઉપયોગ કરીને અમરેલીના ચિતલ રોડ પર રહેતા હિતેશ વિનુભાઈ પરમારને દબોચી લીધો હતો. આરોપી સામે નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ હેઠળ ગુનો નોંધાયેલ હતો અને તે કાયદાની પકડથી દૂર હતો. પીએસઆઈ એન.જી. સાપરાની ટીમે આ સફળ ઓપરેશન પાર પાડી આરોપીને આગળની કાર્યવાહી માટે સિટી પોલીસને સોંપ્યો છે.

# અમરેલીમાં ગુન્હાહિત પ્રવૃત્તિ કરતા યુવકને પાસા હેઠળ જેલમાં ધકેલાયો

અમરેલી,તા.૦૨



અમરેલી શહેર પોલીસ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પી.આઈ. એ.એમ. ઝાલાએ ગુનાહિત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા જયંતિ ઉર્ફે કાબો જગદીશભાઈ પરમાર વિરુદ્ધ પાસા હેઠળ દરખાસ્ત તૈયાર કરી હતી. જિલ્લા મેજિસ્ટ્રેટ વિકલ્પ ભારદ્વાજ દ્વારા આ દરખાસ્તને તાત્કાલિક મંજૂરી આપવામાં આવતા કુંકાવાવ જકાતનાકા વિસ્તારના રહેવાસી એવા ૨૦ વર્ષીય આરોપીને પાસા હેઠળ અટકાયત કરી સુરત જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે.

# પ્રેમપ્રકરણમાં સાવરકુંડલાના વેપારી પર જીવલેણ હુમલો

સાવરકુંડલા, તા.૦૨

સાવરકુંડલા પંથકમાં પ્રેમ સંબંધની અદાવતમાં એક વેપારી પર જીવલેણ હુમલો થયો હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. હેતલ નામની યુવતી સાથેના પ્રેમ સંબંધનું મનદુઃખ રાખી આરોપીએ વેપારીને વિશ્વાસમાં લઈ હિંસક હુમલો કર્યો હતો. આ અંગે મનિષભાઈ નવીનભાઈ અધ્વર્યુએ રાજુભાઈ નામના વ્યક્તિ સામે ફરિયાદ નોંધાવી હતી. મળતી વિગતો અનુસાર, હુમલાખોર રાજુભાઈએ તેમને પોતાના મોબાઈલ નંબર પરથી ફોન કર્યો હતો. તેણે આંબરડી અને રાયડી ગામે ફોરવ્હીલ ગાડી ભાડે લઈને જવાનું કહી તેમનેને સાવરકુંડલાની રાજધાની ચોકડી, ખાંભા રોડ પર બોલાવ્યો હતો. તેઓ પોતાની ગાડી લઈને જતાં આરોપી તેને સાથે બેસીને રાયડી તરફ લઈ ગયો હતો. જ્યારે ગાડી ઘનશ્યામનગર અને રાયડી ગામ વચ્ચેના રસ્તે પહોંચી, ત્યારે આરોપીએ અસલી રૂપ ધારણ કર્યું હતું. આરોપીએ તેને પૂછ્યું હતું કે, તું હેતલ સાથે પ્રેમ સંબંધમાં છે ને? તેમ કહી ઉશ્કેરાઈ જઈ પોતાની પાસે રહેલા લોખંડના હથિયાર વડે હુમલો કરી દીધો હતો. આરોપીએ તેના કપાળ અને લમણાના ભાગે ત્રણ ઘા ઝીંકી દીધા હતા. જેમાં તેમને ગંભીર ઈજા પહોંચતા ૧૨ ટાંકા લેવા પડ્યા હતા.

# વડિયાના તાલાળીમાં પીયતના પૈસા માંગતા પથ્થર અને ઢીકાપાટુ માર્યા

વડિયા, તા. ૨

વડિયા તાલુકાના તાલાળી ગામે પાણીના પીયતના પૈસાની ઉઘરાણી કરવા ગયેલા એક શખ્સ પર આરોપીએ ઉશ્કેરાઈ જઈ જીવલેણ હુમલો કર્યો હોવાની ઘટના સામે આવી હતી. આરોપીએ માત્ર પૈસા આપવાની ના પાડી એટલું જ નહીં, પરંતુ ફરિયાદીને ગાળો આપી પથ્થરના ઘા ઝીંકી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ અંગે જયંતિભાઈ કાબાભાઈ ભોરણીયાએ રસીકભાઈ ગોગનભાઈ પડસાળા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમણે આરોપી પાસે પીયતના બાકી નીકળતા પૈસાની માંગણી કરી હતી. આરોપીએ ઉદ્ધત વર્તન કરતા કહ્યું હતું કે, મારે તમને કોઈ પૈસા દેવાના નથી, તમારે જે થાય તે કરી લ્યો. આ દરમિયાન આરોપીએ બેફામ ગાળો આપવાનું શરૂ કર્યું હતું. જ્યારે તેમણે ગાળો આપવાની ના પાડી, ત્યારે આરોપીએ તેમનો શર્ટનો કાંઢલો પકડી લીધો હતો અને શરીરે ઢીકાપાટુનો માર મારવા લાગ્યો હતો. ઉશ્કેરાયેલા આરોપીએ હાથમાં પથ્થરનો ટુકડો લઈ તેમને કપાળના ભાગે તથા ગાલ પર મારવા લાગતા ઈજાઓ પહોંચી હતી. આ ઉપરાંત હવે પછી જો મારી પાસે પૈસા લેવા આવ્યો તો તને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. વડિયા પોલીસ સ્ટેશનના એએસઆઈ એ.એમ.કાછેલા વધુ તપાસ કરી રહ્યા છે.

# ખાંભાના કંટાળા ગામની સીમમાં રૂડાબાપાના મંદિરમાંથી ચાંદીના ૨૪ છતરની ચોરી

ખાંભા, તા. ૨

ખાંભા પંથકમાં તસ્કરોએ હવે ધાર્મિક સ્થાનોને નિશાન બનાવવાનું શરૂ કર્યું હોય તેમ લાગે છે. કંટાળા ગામની સીમમાં આવેલા પ્રાચીન રૂડાબાપાના મંદિરમાં ચોરીની ઘટના બની હતી. તસ્કરો મંદિરમાંથી અંદાજે રૂ. ૧,૪૦,૦૦૦ ની કિંમતના ચાંદીના છતર ચોરી કરી પલાયન થઈ ગયા હતા. આ અંગે ખાંભામાં રહેતા ગોવિંદભાઈ મંગાભાઈ રાતડીયા (ઉ.વ.૪૦) એ અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ ચોરીની આ ઘટના તા. ૨૨/૦૪/૨૦૨૬ થી તા. ૦૧/૦૫/૨૦૨૬ ના સવારના ૧૧:૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન બની હતી. કંટાળા ગામની 'મોગલ' નામની સીમમાં આવેલ રૂડાબાપાના મંદિરમાં કોઈ અજાણ્યા ચોર ઈસમે ગેરકાયદે પ્રવેશ કર્યો હતો. તસ્કરો મંદિરમાં ભગવાનને અર્પણ કરવામાં આવેલા ચાંદીના ૨ નંગ મોટા છતર તથા ૨૨ નંગ નાના છતર મળી કુલ ૨૪ છતરની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. જેની કુલ કિંમત અંદાજે રૂ. ૧,૪૦,૦૦૦ જાહેર થઈ હતી. પોલીસે અજાણ્યા તસ્કરો વિરુધ્ધ ગુનો નોંધી, સીમ વિસ્તારમાં અવરજવર કરનારા શંકાસ્પદ શખ્સોની પૂછપરછ અને તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. ખાંભા પોલીસ સ્ટેશનના પીએસઆઈ જી એમ જાડેજા વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૫૦૦ | ૧૮૭૯ |
| ઘઉં લોકવન | ૪૫૪ | ૪૯૨ |
| ઘઉં ટુકડા | ૪૫૭ | ૫૭૫ |
| જુવાર સફેદ | ૮૧૧ | ૯૯૬ |
| જુવાર લાલ | ૮૬૦ | ૯૬૪ |
| જુવાર પીળી | ૪૨૬ | ૪૮૦ |
| બાજરી | ૩૦૦ | ૪૦૦ |
| મકાઇ | ૨૬૦ | ૪૩૫ |
| તુવેર | ૧૨૪૦ | ૧૫૫૦ |
| ચણા પીળા | ૯૦૦ | ૧૦૭૩ |
| ચણા સફેદ | ૧૧૭૦ | ૧૭૦૦ |
| અડદ | ૧૨૨૦ | ૧૬૪૦ |
| મગ | ૧૧૫૦ | ૧૯૦૪ |
| વાલ દેશી | ૬૫૦ | ૧૦૧૦ |
| ચોળી | ૭૦૦ | ૧૩૦૦ |
| વટાણા | ૬૫૦ | ૧૦૫૦ |
| રાજમા | ૧૦૦૦ | ૧૭૫૦ |
| સીંગદાણા | ૧૮૨૮ | ૧૮૬૮ |
| મગફળી જાડી | ૧૨૪૦ | ૧૪૮૦ |
| મગફળી જીણી | ૧૨૬૦ | ૧૬૦૧ |
| તલી | ૧૬૮૫ | ૨૧૩૫ |
| એરંડા | ૧૧૪૦ | ૧૨૯૮ |
| અજમો | ૧૧૦૧ | ૨૦૨૫ |
| સુવા | ૧૨૩૫ | ૧૫૩૧ |
| સોયાબીન | ૧૦૫૦ | ૧૨૨૨ |
| સીંગફાડા | ૧૨૭૫ | ૧૭૬૦ |
| કાળા તલ | ૨૨૫૦ | ૩૫૦૦ |
| લસણ | ૮૩૦ | ૧૮૦૦ |
| ધાણા | ૨૨૮૦ | ૨૫૦૦ |
| મરચા સુકા | ૨૦૦૦ | ૪૦૦૦ |
| ધાણી | ૨૩૧૦ | ૨૫૫૦ |
| વરીયાળી | ૧૨૦૦ | ૧૮૪૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૯૯૨ |
| રાય | ૧૨૫૫ | ૧૫૦૦ |
| મેથી | ૧૧૪૧ | ૧૮૬૭ |
| ઇસબગુલ | ૧૨૦૦ | ૨૧૨૫ |
| અશેરીયો | ૯૫૦ | ૧૧૫૦ |
| કલોંજી | ૩૧૩૦ | ૩૫૭૧ |
| રાયડો | ૧૧૪૫ | ૧૨૬૭ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૪૦૬ | ૬૧૫ |
| લીંબુ | ૨૧૪૯ | ૪૨૬૮ |
| સાકરટેટી | ૧૫૨ | ૨૮૮ |
| તરબુચ | ૧૧૩ | ૨૦૨ |
| પપૈયા | ૮૮ | ૧૪૯ |
| બટેટા | ૧૦૪ | ૨૫૯ |

| | | |
|---|---|---|
| ડુંગળી સુકી | ૪૫ | ૨૩૦ |
| ટમેટા | ૪૦૫ | ૫૬૮ |
| સુરણ | ૮૦૮ | ૧૦૧૮ |
| કોથમરી | ૩૯૬ | ૫૫૧ |
| મુળા | ૩૮૧ | ૫૯૦ |
| રીંગણા | ૧૦૫ | ૨૩૯ |
| કોબીજ | ૧૦૧ | ૧૭૨ |
| ફ્લાવર | ૨૮૫ | ૪૭૮ |
| ભીંડો | ૧૦૫ | ૧૮૯ |
| ગુવાર | ૩૧૮ | ૬૧૯ |
| ચોળાસીંગ | ૩૧૧ | ૫૨૭ |
| ટીંડોળા | ૪૦૩ | ૭૬૯ |
| દુધી | ૧૫૧ | ૨૬૮ |
| કારેલા | ૨૨૪ | ૩૧૦ |
| સરગવો | ૨૧૮ | ૪૩૫ |
| તુરીયા | ૨૨૯ | ૪૧૧ |
| પરવર | ૬૧૨ | ૮૨૬ |
| કાકડી | ૧૮૮ | ૩૩૪ |
| ગાજર | ૨૧૬ | ૪૨૨ |
| વટાણા | ૧૩૮૯ | ૧૬૦૪ |
| ગલકા | ૧૧૫ | ૨૧૧ |
| બીટ | ૧૪૨ | ૩૧૨ |
| મેથી | ૫૨૧ | ૮૧૭ |
| ડુંગળી લીલી | ૨૮૬ | ૪૩૬ |
| આદુ | ૯૦૫ | ૧૧૦૨ |
| મરચા લીલા | ૪૫૨ | ૬૮૫ |
| મકાઇ લીલી | ૧૧૧ | ૨૨૩ |
| ગુંદા | ૨૧૨ | ૪૧૯ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૧૦૧ | ૧૮૧૬ |
| મગફળી જીણી | ૧૨૧૧ | ૧૮૫૧ |
| સિંગદાણા જાડા | ૧૭૦૧ | ૧૮૦૧ |
| સિંગ ફાડીયા | ૮૨૬ | ૧૭૪૧ |
| એરંડા / એરંડી | ૧૦૨૬ | ૧૩૧૧ |
| તલ કાળા | ૧૭૦૧ | ૩૪૭૬ |
| જીરૂ | ૨૧૦૧ | ૪૨૮૧ |
| વરીયાળી | ૨૧૦૧ | ૨૧૦૧ |
| મરચા સૂકા પટ્ટો | ૧૯૦૧ | ૬૮૦૧ |
| લસણ સુકું | ૬૯૧ | ૧૫૨૧ |
| ડુંગળી લાલ | ૭૧ | ૨૮૬ |
| અડદ | ૯૫૧ | ૧૬૯૧ |
| તુવેર | ૭૫૧ | ૧૫૩૧ |
| રાયડો | ૯૮૧ | ૧૧૦૦ |
| રાય | ૯૫૦ | ૧૧૫૦ |
| મેથી | ૭૦૦ | ૧૫૯૧ |
| કાંગ | ૪૦૧ | ૫૭૧ |
| કારીજીરી | ૨૦૧૧ | ૨૦૧૧ |

| | | |
|---|---|---|
| સુરજમુખી | ૧૨૭૬ | ૧૨૭૬ |
| મરચા | ૧૮૦૧ | ૬૭૦૧ |
| મગફળી જાડી | ૧૧૫૧ | ૧૭૦૬ |
| તલ - તલી | ૧૫૦૦ | ૨૨૭૧ |
| ઇસબગુલ | ૧૪૦૧ | ૨૦૦૦ |
| મરચા સૂકા ઘોલર | ૧૭૦૧ | ૫૩૦૧ |
| ડુંગળી સફેદ | ૨૧૪ | ૨૫૮ |
| બાજરો | ૨૮૧ | ૩૩૧ |
| જુવાર | ૭૬૧ | ૮૪૧ |
| મકાઇ | ૪૬૧ | ૪૬૧ |
| મગ | ૮૧૧ | ૨૦૧૧ |
| વાલ | ૩૦૧ | ૮૬૧ |
| ચોળા / ચોળી | ૪૪૧ | ૧૨૩૧ |
| સોયાબીન | ૧૧૦૧ | ૧૨૫૬ |
| ગોગળી | ૧૦૮૧ | ૧૩૦૧ |
| વટાણા | ૩૪૧ | ૯૦૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૮૦ | ૬૦૦ |
| મરચા | ૧૮૦ | ૧૦૦૦ |
| ગુવાર | ૧૦૦ | ૧૦૦૦ |
| કોબી | ૬૦ | ૨૦૦ |
| દુધી | ૪૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૪૦ | ૪૦૦ |
| કાકડી | ૨૦ | ૪૦૦ |
| રીંગણા | ૨૦ | ૨૪૦ |
| ભીંડો | ૬૦ | ૩૦૦ |
| ગલકા | ૪૦ | ૬૦૦ |
| ગાજર | ૧૬૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૧૦૦ | ૭૦૦ |
| વાલ | ૨૦૦ | ૧૬૦૦ |
| વટાણા | ૧૨૦૦ | ૨૦૦૦ |
| કેરી કાચી | ૨૦૦ | ૧૦૦૦ |
| બટેટા | ૧૮૦ | ૨૫૦ |
| ડુંગળી પુરા | ૪ | ૧૦ |
| તાંજરીયા પુરા | ૫ | ૬ |
| કોથમીર પુરા | ૧ | ૩ |
| મૂળા પુરા | ૪ | ૧૦ |
| ફોદીનો પુરા | ૧ | ૩ |
| કાચા કેળા | ૧૦૦ | ૨૦૦ |
| પરવર | ૫૮૦ | ૮૦૦ |
| ગુંદા | ૩૦૦ | ૪૦૦ |
| ઘીસોડા | ૬૦ | ૪૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૩૮૦૦ |
| મેથી પુરા | ૫ | ૧૦ |
| સરગવો પુરા | ૧૦ | ૨૫ |
| ચોરા | ૨૦૦ | ૬૦૦ |
| કારેલા | ૨૦૦ | ૫૦૦ |

| | | |
|---|---|---|
| વાલોર | ૨૦૦ | ૧૦૦૦ |
| મગફળી લીલી | ૮૦૦ | ૧૦૦૦ |
| કાચા પોપૈયા | ૨૦ | ૨૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૩૦૦ |
| ફણશી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૮ | ૧૫ |
| પાલક પુરા | ૨ | ૭ |
| **અમરેલી** | | |
| કપાસ | ૧૦૬૦ | ૧૮૯૦ |
| શિંગ મોટી | ૧૧૪૦ | ૧૫૧૫ |
| શિંગ ફાડા | ૧૫૦૦ | ૧૮૭૦ |
| તલ સફેદ | ૧૬૯૦ | ૨૨૧૦ |
| તલ કાળા | ૧૮૩૫ | ૩૫૪૫ |
| તલ કાશમીરી | ૨૧૫૫ | ૨૨૫૫ |
| બાજરો | ૩૦૫ | ૫૨૦ |
| જુવાર | ૩૪૦ | ૮૮૦ |
| ઘઉં ટુકડા | ૩૮૫ | ૫૦૫ |
| ઘઉં લોકવન | ૪૨૦ | ૪૯૦ |
| મગ | ૧૯૦૫ | ૧૯૨૦ |
| ચણા | ૮૨૦ | ૧૦૫૦ |
| ચણા દેશી | ૧૦૫૫ | ૧૦૫૫ |
| સફેદ ચણા | ૧૦૨૫ | ૧૧૪૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૫૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૨૭૦ |
| જીરૂ | ૨૧૦૦ | ૪૧૦૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૧૪૦ |
| રાય | ૧૩૧૦ | ૧૩૨૫ |
| ધાણી | ૧૯૦૦ | ૨૬૧૦ |
| અજમા | ૧૨૪૦ | ૨૨૭૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૨૨૫ |
| સોયાબીન | ૮૮૦ | ૧૨૮૦ |
| મરચા લાંબા | ૧૩૮૦ | ૩૭૯૦ |
| વરીયાળી | ૧૬૭૦ | ૧૯૦૦ |
| કાંગ | ૫૪૦ | ૫૫૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૨૩૦ | ૨૮૦ |
| રીંગણા | ૩૨૦ | ૫૨૦ |
| ફુલાવર | ૨૧૦ | ૩૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૨૫૦ |
| શક્કરિયા | ૪૦૦ | ૬૦૦ |
| ટમેટા | ૬૫૦ | ૭૦૦ |
| સુરણ | ૮૫૦ | ૯૫૦ |
| ગાજર | ૪૨૦ | ૫૩૦ |
| દૂધી | ૧૩૦ | ૨૧૦ |
| કારેલા | ૫૫૦ | ૬૦૦ |
| ગલકા | ૧૫૦ | ૨૦૦ |

| | | |
|---|---|---|
| ગુંદા | ૬૦૦ | ૮૦૦ |
| કાકડી | ૩૦૦ | ૩૫૦ |
| ગુવાર | ૩૫૦ | ૫૦૦ |
| વટાણા | ૧૩૦૦ | ૧૫૦૦ |
| ચોળા શીંગ | ૨૧૦ | ૩૦૦ |
| તુરીયા | ૩૦૦ | ૪૦૦ |
| પાકી કેરી | ૧૫૦૦ | ૨૫૦૦ |
| કાચી કેરી | ૬૦૦ | ૧૦૩૦ |
| ભીંડો | ૨૦૦ | ૩૦૦ |
| આદુ | ૧૩૦૦ | ૧૮૦૦ |
| કોથમીર | ૪૦૦ | ૬૦૦ |
| મેથીભાજી | ૮૦૦ | ૧૦૦૦ |
| ફુદીનો | ૪૦૦ | ૫૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૨૧૦ | ૩૨૦ |
| ગરવર | ૬૦૦ | ૮૦૦ |
| સરગવો | ૩૨૦ | ૪૩૦ |
| લીમડો મીઠો | ૧૮૦ | ૨૧૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૯૦૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૨૪૦ |
| લસણ લીલું | ૩૫૦૦ | ૪૦૦૦ |
| લસણ સૂકું | ૧૦૫૦ | ૧૮૫૦ |
| મકાઇ | ૨૪૦ | ૩૨૦ |
| લીંબુ | ૨૦૦૦ | ૩૦૩૦ |
| પાલક | ૪૦૦ | ૫૦૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૬૦૦ | ૧૮૭૦ |
| કપાસ મીડીયમ | ૧૪૨૦ | ૧૫૯૦ |
| મગફળી | ૧૨૪૦ | ૧૪૪૦ |
| જીરૂ | ૩૩૨૦ | ૪૦૩૦ |
| ચણા | ૧૦૨૮ | ૧૦૬૨ |
| ઘઉં | ૪૬૦ | ૫૩૦ |
| તલ સફેદ | ૧૩૧૦ | ૨૪૦૦ |
| તુવેર | ૧૧૫૦ | ૧૪૨૦ |
| **ધારી** | | |
| મગફળી | ૧૧૪૦ | ૧૩૪૦ |
| ઘઉં લોકવન | ૪૩૯ | ૪૬૦ |
| ચણા | ૮૦૦ | ૧૦૪૨ |
| ધાણા | ૧૯૦૦ | ૨૩૦૦ |
| મગ | ૧૩૭૧ | ૧૩૭૧ |
| તુવેર | ૮૧૦ | ૧૩૪૫ |
| ફાડા | ૧૬૦૦ | ૧૬૦૦ |
| રાયડો | ૭૦૦ | ૭૦૦ |
| મેથી | ૧૧૬૫ | ૧૨૯૦ |
| જુવાર | ૫૮૦ | ૫૮૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૦૦ | ૧૩૫૦ |

| | | |
|---|---|---|
| મગફળી નવી | ૧૧૦૦ | ૧૪૧૮ |
| બાજરી હાઈબ્રીડ | ૩૧૧ | ૫૩૨ |
| ઘઉં | ૪૧૧ | ૫૦૪ |
| રાય | ૧૨૫૦ | ૧૩૭૨ |
| રાયડો | ૧૦૦૦ | ૧૧૮૨ |
| મેથી | ૧૦૦૦ | ૧૩૯૮ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૫૦ |
| જુવાર | ૭૦૦ | ૧૦૦૦ |
| ચોળી | ૭૦૦ | ૧૬૮૦ |
| અડદ | ૧૫૦૦ | ૧૬૩૩ |
| મગ | ૧૩૫૦ | ૨૦૫૮ |
| એરંડી | ૧૧૫૦ | ૧૨૫૪ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૩૮ |
| સફેદ તલ | ૧૪૦૦ | ૨૧૦૦ |
| કાળા તલ | ૨૫૦૦ | ૩૬૦૦ |
| સોયાબીન | ૧૦૫૦ | ૧૨૦૫ |
| ધાણા | ૧૮૦૦ | ૨૩૩૮ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૬૬૫ |
| ઘઉં લોકવન | ૪૨૨ | ૪૬૦ |
| ઘઉં ટુકડા | ૩૭૨ | ૪૫૬ |
| ચણા | ૯૦૦ | ૧૦૩૭ |
| ધાણા | ૨૧૦૦ | ૨૩૬૦ |
| ચણા સોલે | ૧૪૪૫ | ૧૪૪૫ |
| તુવેર | ૯૬૦ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૧૯૨૫ | ૧૯૨૫ |
| મગફળી | ૮૩૦ | ૧૨૭૧ |
| એરંડી | ૧૧૬૩ | ૧૧૬૩ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૨૧૧ |
| લશણ | ૬૦૫ | ૬૦૫ |
| શીંગફાડા | ૧૩૦૫ | ૧૫૦૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૮૨૬ |
| ઘઉં | ૪૦૧ | ૫૦૧ |
| ચણા | ૮૦૧ | ૧૦૬૬ |
| તુવેર | ૪૦૧ | ૧૪૩૬ |
| મગફળી | ૬૯૧ | ૧૩૯૬ |
| શિંગફાડા | ૧૩૦૧ | ૧૭૦૧ |
| તલ સફેદ | ૧૧૦૧ | ૨૦૦૧ |
| તલ કાળા | ૧૫૦૧ | ૩૩૦૧ |
| મેથી | ૫૦૧ | ૧૧૪૧ |
| જીરૂ | ૨૦૦૧ | ૩૬૯૧ |
| ધાણા | ૧૦૦૧ | ૨૩૯૧ |
| સોયાબીન | ૭૫૧ | ૧૨૫૬ |
| **સાવરકુંડલા** | | |
| કપાસ | ૧૫૦૦ | ૧૮૭૬ |
| શિંગ-જીણી | ૧૩૦૦ | ૧૫૯૨ |

| | | |
|---|---|---|
| શિંગ મોટી | ૧૩૫૦ | ૧૫૨૪ |
| શીંગદાણા | ૧૪૦૦ | ૧૫૨૪ |
| તલ | ૧૮૦૦ | ૨૨૩૫ |
| તલ કાળા | ૩૨૦૦ | ૩૪૮૧ |
| જીરૂ | ૩૪૦૦ | ૩૯૭૫ |
| ઘઉં | ૪૪૦ | ૫૦૦ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૨૦ |
| બાજરો | ૪૫૦ | ૫૨૫ |
| જુવાર | ૬૦૦ | ૯૦૦ |
| અજમો | ૧૮૦૦ | ૨૧૦૦ |
| મગ | ૧૯૦૦ | ૧૯૦૦ |
| અડદ | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ચણા | ૧૦૩૦ | ૧૦૬૫ |
| દેશી ચણા | ૧૦૦૦ | ૧૦૭૦ |
| તુવેર | ૧૦૫૦ | ૧૪૦૦ |
| એરંડા | ૧૨૦૦ | ૧૨૫૫ |
| મેથી | ૧૨૫૦ | ૧૩૩૫ |
| રાયડો | ૧૨૦૦ | ૧૨૯૦ |
| ધાણા | ૧૯૦૦ | ૨૪૫૦ |
| સોયાબીન | ૧૧૨૦ | ૧૧૨૦ |
| કલોંજી | ૨૯૦૦ | ૩૪૦૦ |
| **જામનગર** | | |
| બાજરો | ૩૦૦ | ૩૭૦ |
| ઘઉં | ૪૦૦ | ૪૯૫ |
| મગ | ૧૧૯૦ | ૧૮૧૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૯૦ |
| વાલ | ૯૦૦ | ૯૮૫ |
| મેથી | ૧૨૦૦ | ૧૩૨૦ |
| ચણા | ૯૫૦ | ૧૧૦૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૫૬૫ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૪૫૦ |
| એરંડા | ૯૦૦ | ૧૨૬૫ |
| તલ | ૧૨૦૦ | ૨૧૦૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૨૫૦ |
| રાય | ૧૧૦૦ | ૧૪૦૦ |
| લસણ | ૮૦૦ | ૧૫૯૫ |
| કપાસ | ૧૧૦૦ | ૧૭૫૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૯૨૦ |
| અજમો | ૧૭૦૫ | ૨૯૬૦ |
| અજમાની ભુસી | ૩૦ | ૨૩૪૦ |
| ધાણા | ૧૭૦૦ | ૨૪૮૦ |
| ડુંગળી સુકી | ૪૦ | ૧૬૫ |
| વટાણા | ૪૪૦ | ૮૩૫ |
| કલોજી | ૧૦૦૦ | ૩૪૯૫ |
| **મહુવા** | | |

| | | |
|---|---|---|
| શિંગ ૬૬ | ૯૦૦ | ૧૪૩૮ |
| શિંગ નવી | ૧૩૫૦ | ૧૬૭૫ |
| શિંગ ૩૯ | ૧૨૧૦ | ૧૪૫૧ |
| શિંગ જી-૨૦ | ૧૨૪૦ | ૧૪૩૭ |
| એરંડા | ૧૧૯૮ | ૧૧૯૮ |
| જુવાર | ૩૭૧ | ૯૦૦ |
| બાજરી | ૩૩૦ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૪૪૧ | ૫૭૧ |
| મેથી | ૫૦૦ | ૧૨૦૬ |
| અડદ | ૩૦૦ | ૧૪૧૦ |
| મગ | ૧૧૧૭ | ૧૭૭૪ |
| રાય | ૮૯૮ | ૧૧૨૧ |
| ચણા | ૯૫૪ | ૧૦૪૨ |
| તલ સફેદ | ૫૦૦ | ૨૨૯૯ |
| તલ કાળા | ૧૭૮૧ | ૩૩૮૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લાલ | ૬૦ | ૩૧૦ |
| ડુંગળી સફેદ | ૧૮૦ | ૨૮૬ |
| નાળીયેર | ૫૦૪ | ૨૨૦૬ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૪૦૧ | ૧૭૧૨ |
| ચણા | ૧૦૩૬ | ૧૦૪૮ |
| જુવાર સફેદ | ૮૬૧ | ૮૬૧ |
| તલ સફેદ | ૧૯૭૫ | ૧૯૭૫ |
| તુવેર | ૧૩૯૧ | ૧૩૯૧ |
| ધાણા | ૨૩૦૦ | ૨૩૦૦ |
| ઘઉં | ૩૮૫ | ૩૯૬ |
| બાજરો | ૫૦૧ | ૫૦૧ |
| **રાજુલા** | | |
| મગફળી | ૧૧૯૦ | ૧૩૦૧ |
| તલ | ૧૭૦૦ | ૨૦૬૫ |
| તલ કાળા | ૨૭૦૧ | ૩૩૭૫ |
| કપાસ | ૧૩૦૦ | ૧૮૦૦ |
| બાજરો | ૩૧૧ | ૫૫૬ |
| ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૧૬ |
| જુવાર | ૩૯૧ | ૯૯૧ |
| મગ | ૧૭૭૫ | ૧૯૨૫ |
| અડદ | ૧૭૭૫ | ૧૭૭૫ |
| તુવેર | ૮૨૫ | ૧૩૦૦ |
| ચણા | ૫૦૨ | ૧૦૪૬ |
| એરંડા | ૧૨૨૨ | ૧૨૨૨ |
| ધાણા | ૧૬૦૧ | ૧૬૦૧ |
| મેથી | ૧૦૦૦ | ૧૩૯૪ |
| રાય | ૧૨૦૧ | ૧૩૦૧ |

## અજેય ભાજપનો વિજય ‘કેટલાક’ને કેમ પચતો નથી ?

વિચાર વલોણું



જયવંત પંડ્યા

‘ડર’ ફિલ્મના રાહુલની જેમ એક રાહુલ હતો. નકામો છોકરો. તેને એક છોકરી મનોમન ગમી ગઈ. તેણે તેના મિત્રોને પણ કહ્યું, ‘જો આ તારી ભાભી, હોં. કોઈએ તેની સામું જોવાનું પણ નહીં.’ મિત્રો રાહુલની હામાં હા ને નામાં ના કરતા, કારણકે પાન-બીડી-સિગરેટના પૈસા તેમને રાહુલ આપતો.

રાહુલ છોકરીને રોજ કૉલેજ જતાં જુએ. તેને કહેવાનું સાહસ તો હતું નહીં, પરંતુ તેની સામે હસે. તેનું હસવાનું એ રીતનું કે જૉકર જેવું લાગે. એટલે પેલી છોકરીથી હસી પડાતું. એ હસવું સ્મિત નહોતું. એ મજાકમાં હસી પડાય તેવું હાસ્ય હતું. પરંતુ આપણા ‘રાહુલ’ ભાઈને તો લાગ્યું કે ‘લડકી હંસી તો લડકી ફંસી’.

આ ક્રમ પ્રતિદિનનો બની ગયો. રાહુલ છોકરીને જુએ, હસે ને છોકરી પણ ખડખડાટ હસે. ને આ બધું વર્ણવી મિત્રો આગળ રાહુલ ફાંકા મારે. પણ મિત્રોએ રાહુલનું ‘હવાલા’થી ‘હલાલા’વાળું નમક ખાધેલું એટલે કહ્યું, “પણ છોકરીની હા ક્યાં છે?” એક વાર રાહુલ છોકરી આગળ પૂછવા સાહસ કરીને ગયો ત્યારે જોયું તો છોકરી બીજા કોઈ ‘કમલ’ નામના છોકરા સાથે આવી રહી હતી.

આ જોઈ રાહુલે કહ્યું, “આ તો છેતરપિંડી છે. કમલ મારી પ્રેમિકાને ઉપાડી ગયો છે.” મિત્રોએ પણ સૂર પુરાવ્યો કે “વાત તો સાચી છે. પ્રેમિકા તો રાહુલની જ હતી.” પરંતુ સાક્ષીઓએ કહ્યું, “છોકરીએ તને ક્યારેય હા પાડી હતી?” રાહુલ કહે, “એ મને જોઈને પ્રતિ દિન હસતી હતી.” સાક્ષી કહે, “એ તો તારા જૉકર જેવા વેશને જોઈને હસતી હતી. ગાંડા, એના પરથી વહેમ ન બાંધી લેવાય કે તે તારા પર મોહી પડી હતી.”

રાહુલે તો સ્વીકારી લીધું પરંતુ તેના મિત્રોએ નહીં. તેમણે તો પ્રેમિકાને ખરાબ ચારિત્ર્યની ચિતરી નાખી. તેમણે કહ્યું કે આ છોકરીઓ હોય છે જ આવી. પ્રેમ કોઈની સાથે કરે ને પરણે કોઈની સાથે. તેણે અમારા રાહુલભાઈનો ઉપયોગ કર્યો છે. કમલની મોટી-મોટી વાતોમાં આવીને તેની સાથે ફેરા ફરી લીધા. કમલમાં એવું શું દાટ્યું છે?

સાક્ષીઓએ કહ્યું, “કમલ ડિસ્ટિંક્શન માર્ક સાથે પાસ થયો છે. જ્યારે રાહુલ કેટલાંય વર્ષથી એફવાયમાં જ ભણે છે. કમલને સારું પ્લેસમેન્ટ મળી ગયું છે. શરૂઆતમાં જ સારો પગાર છે. તેની સાથે છોકરીનું ભવિષ્ય સુરક્ષિત છે. એટલે છોકરી કમલ સાથે પરણી ગઈ.”

‘શોલે’ના અમિતાભની જેમ મિત્રો કહે, “એ તો છોકરી અમારા રાહુલભાઈ સાથે પરણી હોત તો રાહુલભાઈ પણ સુધરી જાત. કમાવા લાગત.”

સાક્ષીઓને લાગ્યું કે આ લોકો સામે દલીલ કરવી એટલે પથ્થર પર પાણી રેડવું. તેઓ ત્યાંથી ચૂપચાપ ચાલ્યા ગયા.

ગુજરાતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનાં પરિણામો આવ્યાં પછી કેટલાક લોકોની સ્થિતિ રાહુલના મિત્રો જેવી છે. કદાચ, કૉંગ્રેસ અને આપ પણ સ્વીકારી લેશે પરંતુ આ ‘કેટલાક’ લોકોને ગળે વાત ઉતરતી નથી કારણકે તેમણે તો કહેલું કે:

૧. મતદારો નિરુત્સાહ છે.

૨. મતદારોમાં આક્રોશ છે.

૩. ગરમી ચાલી રહી છે અને મતદાનના દિવસે ભારે



ગરમી રહેવાની છે.

૪. લગ્નગાળો છે.

અને આ ચાર બાબતોના કારણે મતદાન ઓછું રહેશે ને ભાજપને બહુ મોટો ફટકો પડશે. પરંતુ પ્રેમિકા જેવા મતદારોએ તો ગયા વખત કરતાં વધુ મતદાન કર્યું. એ મતદાનના આંકડા આવે તે પહેલાં તો રાહુલના મિત્રો જેવા આ ‘કેટલાક’ લોકોએ હવા ફેલાવી દીધી કે ઓછું મતદાન એટલે ભાજપનો રકાસ. જો વધુ મતદાન થયું હોત તો એવી હવા ફેલાવત કે વધુ મતદાન થાય ત્યારે શાસન વિરોધી જુવાળ હોય છે. તેથી હવે ભાજપ નહીં આવે.

બીજી એક જાણીતી વાર્તા છે વૃક્ષ પર બેસીને નિરાંતે પુરી ખાતા કાગડા અને શિયાળની.

૧૯૯૫થી ભાજપની સરકાર આવી ત્યારથી જે-જે ચૂંટણી આવી ત્યારે-ત્યારે દર વખતે આ શિયાળોને કહે છે કે આ વખતે તો કાગડાના હાથમાંથી પુરી પડશે જ. દર વખતે તેમની પાસે અલગ કારણો હોય છે. પહેલી વખતે, રમખાણોનું અને નવા નિશાળિયા નરેન્દ્ર મોદીનું કારણ હતું. બીજી વખતે મજબૂત કૉંગ્રેસ અને એન્કાઉન્ટરના કારણે કુખ્યાત થઈ ગયેલા મોદીનું કારણ હતું. તે વખતે ગોરધન ઝડફિયાએ મજપા નામે અલગ પક્ષ પણ રચ્યો હતો.

૧૯૯૫માં જે કેશુભાઈ પટેલનો વિરોધ કરેલો, તે કેશુભાઈ ૨૦૧૨માં વ્હાલા લાગવા લાગ્યા. કેશુભાઈને બિચારાને બહુ અન્યાય કર્યો. તેમને સાઇડલાઇન કરી દીધા. આવી વાતો ચલાવી. કેશુભાઈએ મોદીને ‘લપોડશંખ’ ને ‘ઢૂંઢિયા રાક્ષસ’ કહ્યા તે હેડલાઈન બની. પરંતુ ૨૦૧૨માં કાગડાના હાથમાંથી પુરી ન પડી. ૨૦૧૪માં મોદી વડા પ્રધાન બન્યા અને ૨૦૧૫માં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ભાજપને ફટકો પડ્યો એટલે ૨૦૧૭માં તો ‘કૉંગ્રેસ આવે જ છે’ તેવો સર્વે કરી નાખ્યો. પણ પરિણામમાં જનતાએ થોડી મર્યાદાવાળી ચાબુકથી ખેંચીને ભાજપને ૯૯ બેઠક સાથે વિજેતા કરી દીધો. એટલે ‘ભાજપની જીતમાં હાર અને કૉંગ્રેસની હારમાં જીત’ એવી વાત ચલાવી.

૨૦૨૨માં તો આ આપ જ મેદાન મારી જશે (કારણકે સુરતમાં ૨૭ બેઠક પ્રાપ્ત કરી હતી) તેવી હવા બનાવી હતી. રાષ્ટ્રીય મીડિયાને પણ આ હવા લાગી ગઈ અને એમ લાગ્યું કે ૨૦૨૨માં તો ભાજપ ગયો જ. અને એટલે ૨૦૨૪માં કેન્દ્રમાંથી મોદી પણ ગયા. પરંતુ ૨૦૨૨માં તો ૧૫૬ બેઠકો સાથે ભાજપ વિક્રમજનક રીતે અને તેય માધવસિંહ સોલંકીનો વિક્રમ તોડીને સત્તામાં આવ્યો. ૨૦૨૪માં ભાજપને ૨૪૦ બેઠક જ મળી અને તેમાંય અયોધ્યા (અયોધ્યા વિધાનસભા નહીં, પરંતુ લોકસભા અને લોકસભામાં અયોધ્યા ઉપરાંત બીજાં અનેક વિસ્તારો આવે) બેઠક પર ભાજપ હાર્યો એટલે આપણા રાહુલભાઈ ગુજરાત આવ્યા ને લલકાર કરી ગયા કે હવે ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીમાં ભાજપને હરાવવો છે. લગ્નના ઘોડા અને રેસના ઘોડાને અલગ તારવવા છે. સંસદમાં પણ રાહુલભાઈ આવું જ બોલી ગયા.

ટ્રાયલ કૉર્ટ દ્વારા નિર્દોષ છૂટેલા કેજરીવાલ પણ તાનમાં આવી ગયા. તેમણે પણ ગુજરાતના આંટાફેરા કરવા લાગ્યા. એમાં પાછું વર્ષોથી વિપક્ષની જ બેઠક રહેલી વિસાવદર પરથી ગોપાલ ઈટાલિયા જીત્યા તેમાં તો ‘કેટલાક’ લોકો તાનમાં આવી ગયા. દિવસ-રાત ગોપાલ-ગોપાલ ભજવા લાગ્યા. તેમાં કેટલાકનું સ્વમાન ઘવાયું. તેઓ કહે, ‘ના ગોપાલ, ગોપાલ ન ભજો. મેરે તો રાહુલ ભૈયા, દૂસરો ન કોઈ.’ કોઈને જિજ્ઞેશ મેવાણી ક્રાંતિ માર્ગે ચાલતા દેખાયા.

એકંદરે ૨૦૨૬ની ચૂંટણીમાં તો હવે ભાજપને મોટો ફટકો પડશે જ તેવો મત બંધાયો અને તેમાં ઉપર કહ્યા તે ચાર મુદ્દા પહેલેથી પોતે માની લીધા. પણ મતદારોએ તે ચારેચાર મુદ્દા ખોટા પાડી દીધા. વરરાજા-કન્યા લગ્નના ફેરા ફરતા પહેલાં મતદાન કરવા આવ્યા. અમદાવાદ જેવા ગરમ શહેરમાં સૌથી વધુ મતદાન ૧૧થી ૧ વચ્ચે ૧૨.૪૫ ટકા મતદાન થયું. મતદારો નિરુત્સાહ નહોતા, પરંતુ ઈન્ટરવ્યૂમાં મહિલા ઉમેદવારના પતિને સામાન્ય માણસ તરીકે રજૂ કરીને દેખાડ્યા હતા, તેથી મતદારો નિરુત્સાહ છે તેવો ‘હાઉ’ સર્જવા નિષ્ફળ પ્રયાસ હતો. મતદારોમાં આક્રોશ હતો. સૉસાયટોમાં બેનરો પણ લાગ્યાં હતાં. કૉર્પોરેટરોને મહિલાઓએ આકરા પ્રશ્નો પૂછેલા અને કેટલાક સ્થળેથી ભગાડેલ પણ ખરા, પરંતુ તે આક્રોશ મતપેટીમાં ન દેખાયો. આની પાછળ કોઈ રૉકેટ સાયન્સ નથી. આની પાછળનાં કારણો સ્પષ્ટ છે:

૧. સંગઠનની રીતે ભાજપ મજબૂત હતો. ઉમેદવારોની પસંદગી બેઠક પ્રમાણે જીતની સંભાવના ધ્યાનમાં રાખી કરી હતી.

૨. ભાજપમાં અસંતોષ હોય છે, પરંતુ તે પછી બધા મેદાનમાં પક્ષને જીતાડવા ઉતરી પડતા હોય છે. જ્યાં નિષ્ક્રિય રહ્યા ત્યાં ખાડિયાની જેમ હાર પણ થઈ. જ્યાં મિતેષ પટેલે ધમકી આપેલી ત્યાં આંકલાવમાં હાર થઈ.

૩. એકંદરે ઘણો મોટો વિકાસ કર્યો. અમદાવાદમાં એસ. જી. હાઈવે પર બનેલા ફ્લાય ઑવર, ઑલમ્પિક માટે સજ્જતા, વીર સાવરકર સ્પૉર્ટ્સ કૉમ્પ્લેક્સ, ગટર લાઈન, આઈકૉનિક રસ્તા, ઑક્સિજન પાર્ક, ઑનલાઈન વહીવટ, મેટ્રો-બીઆરટીએસની સુવિધા, ભારત ટેક્સીની સુવિધા, રેલવેના ફાટકમુક્ત રસ્તા, આવી ઘણી વાતો કરીએ તો પક્ષનો પ્રચાર લાગે પરંતુ લોકોએ તો એ જોયું. બીજાં શહેરોમાં પણ રસ્તાથી માંડીને શહેરનું સૌંદર્યકરણ (બ્યુટિફિકેશન) થયું. ભાવનગરમાં વેસ્ટમાંથી બેસ્ટર પાર્ક બન્યો. નારી ચોકડી પાસે સિક્સ લૅન માર્ગ બન્યો. ધોલેરા ઍક્સ્પ્રેસ વે બન્યો. દર થોડા મહિને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ પોતાના મત વિસ્તારમાં લોકાર્પણ કરવા આવતા, વડા પ્રધાન મોદી દાહોદ, અમદાવાદ, ગાંધીનગર, ભાવનગર વગેરે શહેરોમાં લોકાર્પણ, ખાતમુહૂર્ત કરવા આવતા. આની નોંધ ભલે ‘કેટલાક’ લોકોએ ન લીધી હોય પણ લોકોએ તો લીધી જ. જામનગરમાં વગર માગ્યે વિશ્વ આરોગ્ય સંસ્થાનું ગ્લૉબલ સેન્ટર ફૉર ટ્રેડિશનલ મેડિસિન મળ્યું. સ્ટેચ્યૂ ઑફ યૂનિટી અને નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમે જનરલ નૉલેજનો પાઠ્યક્રમ બદલી નાખ્યો. કૉલ્ડ પ્લે અને દિલજીત દોસાંજની ઈવેન્ટ લોકો માણતા.

પીજીમાં રહેતા છોકરા-છોકરીઓ નાઈટલાઈફ માણતા થયા. છોકરીઓ રાત્રે પણ એકલી બિન્દાસ્ત ફરી શકે.

આની સામે ઘણા પ્રશ્નો થયા પણ ખરા. હાટકેશ્વરનો સેતુ તૂટ્યો. ગંભીરા સેતુ દુર્ઘટના થઈ. રાજકોટના ટીઆરપી ગેમ ઝૉન, સુરતના તક્ષશિલા અગ્નિકાંડ, વડોદરામાં હરણી નૌકા દુર્ઘટના, મોરબીમાં પૂલ તૂટી પડવો, અમદાવાદમાં શ્રેય હૉસ્પિટલ આગ દુર્ઘટના, કોરોના કાળમાં અંધાધૂંધી, નકલી કચેરી સહિત અનેક નકલી પકડાવું વગેરે અનેક પ્રશ્નો ઉપસ્થિત થયા. તોય કેમ જનતાએ ભાજપ પર વિશ્વાસ મૂક્યો?

કારણકે ‘કેટલાકે’ ભલે નીચેની બાબતો ન જોઈ પણ લોકોએ તો જોઈ.

૧. કૉંગ્રેસમાં ટિકિટોના વિતરણમાં ભારે ગડબડો થઈ. અમદાવાદ શહેર પ્રમુખ સોનલબેન પટેલને રખિયાલ-સરસપુર કૉંગ્રેસના પ્રમુખ ભાવના ગુપ્તએ લાફો મારી દીધો કારણકે તેમનું કહેવું હતું કે એક લાખ રૂપિયા ફંડ તરીકે પક્ષને આપવા છતાં ટિકિટ ન મળી. લઘુમતી વિભાગના ઉપ પ્રમુખ મોહમ્મદ નાસીર શૈખે રાજીનામું આપી દીધું. ભાજપ માટે કામ કરનારાને ટિકિટ આપી દેવાઈ. જિજ્ઞેશ મેવાણીના કહેવાથી કેટલાયને ટિકિટ આપી. જિજ્ઞેશ મેવાણીનો પક્ષમાં આંતરિક વિરોધ હતો. આપમાં અનેક અપરાધી ઈતિહાસવાળાને ટિકિટ અપાઈ.

૨. ભાજપના માની લેવાયેલા ગઢ જેવા અનેક વિસ્તારોમાં એક પણ વિપક્ષનો પ્રચાર નહીં, મતદાનના દિવસે ટેબલ નાખીને પણ કાર્યકર્તાઓ બેઠા નહીં.

૩. લોકો વરસાદ કે પૂરના કારણે મુશ્કેલીમાં ફસાયા હતા ત્યારે વિપક્ષોએ નિવેદનબાજી જ કરી, મદદ માટે આગળ આવ્યા નહીં.

૪. સૌથી વધુ તો મુસ્લિમોનું તુષ્ટિકરણ. ચૂંટણીમાં આઆપ નેતાઓએ કહ્યું કે અમે સત્તામાં આવીશું તો તમને રસ્તા પર નમાજ પઢવા દઈશું અને મસ્જિદ-મજાર-દરગાહ તૂટવા નહીં દઈએ. કૉંગ્રેસ નેતા શૈલેષ પરમારે દાણીલીમડા વિસ્તારમાં મોહસીન બાવાની મઝાર પર દુઆ માગી. દાણીલીમડામાં કૉંગ્રેસની પેનલ વિજેતા થઈ પરંતુ બાકી બધે ફટકો પડ્યો તેનું શું?

કૉંગ્રેસના એક નેતાએ કહ્યું કે ‘જય શ્રી રામ અમારું સૂત્ર નથી, અમારુ સૂત્ર તો અલ્લાહ તેરો નામ, ઈશ્વર તેરો નામ છે.’

લવજિહાદના કિસ્સાઓ, ધંધૂકામાં નાની વાતમાં ધર્મેશ ગમારાની હત્યા મુસ્લિમ યુવકે કરી નાખી.ભરુચના આમોદમાં હિન્દુઓનું ઈસ્લામમાં મોટા પાયે પંથાતરણ, અમદાવાદની વંદેમાતરમ્ સોસાયટીમાં હનુમાન ચાલીસા સામે મુસ્લિમો દ્વારા વાંધો ઉઠાવવો.દહેગામના બહિયલ ગામમાં ચાલુ ગરબાએ મુસ્લિમો દ્વારા પથ્થરમારો, સુરતમાં મુસ્લિમ આધેડ યુવક દ્વારા પાટીદાર સગીરાની છેડતી (અને તેમાં કથિત રીતે આપ નેતા દ્વારા પાટીદારોને ઉશ્કેરવાની ઑડિયો ક્લિપ), અમદાવાદની મેટ્રોપૉલિટન કૉર્ટમાં રજિસ્ટ્રાર એમ. એમ. સૈયદની લવજિહાદને પ્રોત્સાહનના ષડયંત્રનો હિન્દુ સંગઠનો દ્વારા આક્ષેપ, પોરબંદરમાં મૌલવી દ્વારા રાષ્ટ્રગાન જન ગણ મન અને તિરંગાને વંદન સામે ફતવો, જેનો વિરોધ ત્રણ મુસ્લિમ યુવકોએ જ પોલીસ અને ગૃહ પ્રધાન હર્ષ સંઘવીને ઈ-મેઈલ કરેલો.આવી તો અનેકાનેક બાબતો છે. આ બધામાં ‘કેટલાક’એ તો મૌન રાખ્યું જ અને વિપક્ષોએ પણ મૌન રાખ્યું.

૫. સામા પક્ષે ભાજપે સોમનાથ, દ્વારકા, કચ્છ, અડાલજમાં નિડરપણે અવૈધ મઝારો-દરગાહો અને મસ્જિદો હટાવી, દબાણ મુક્ત કર્યાં. ચંડોળા તળાવને બાંગ્લાદેશીઓથી મુક્ત કર્યું. જૂનાગઢમાં દરગાહ તોડવા બાબતે પોલીસ પર પથ્થરમારો થયો. પોલીસે કાર્યવાહી કરી. કચ્છ, જામનગર સહિત અનેક સ્થળોએથી બાંગ્લાદેશીઓ પકડ્યા.

૬. ગ્રીષ્મા કેસમાં ત્વરિત ચુકાદો મળી જાય તે રીતની પોલીસ કાર્યવાહી કરી.

૭. આણંદના સાંસદ મિતેષ પટેલ અને વડોદરાના સાંસદ હેમાંગ જોષીએ પણ અધિકારીઓને ધમકી આપી તો સામા પક્ષે ચૈતર વસાવાની ઝઘડિયાની કંપનીના કેસમાં રાજન વસાવા સાથે દાદાગીરી પણ જોઈ. ગોપાલ ઈટાલિયા અને જિજ્ઞેશ મેવાણીએ પોલીસને પટ્ટા ઉતરાવી લેવા ધમકી આપી હતી. આ બધું પણ લોકોએ જોયું.

૮. સૌથી મહત્ત્વનું તો રાજકીય સમીકરણો છે. જેટલા વધુ વિપક્ષો, જેટલા વધુ અપક્ષ ઉમેદવારો, તેટલો ફાયદો સત્તા પક્ષને થાય. ૧૯૯૦ સુધી કૉંગ્રેસ આમ જ ચૂંટાતી આવી. લોકોને પહેલાં નહેરુ, ઈન્દિરા, રાજીવ ગાંધીના હાથ મજબૂત કરવામાં રસ હતો, તેથી ટેન્કરરાજ, વીજળીના ધાંધિયા, ખરાબ રસ્તા, ભ્રષ્ટાચાર છતાં કૉંગ્રેસને ચૂંટતા હતા. હવે લોકોને લાગે છે કે મોદીના હાથ મજબૂત રાખવાની આવશ્યકતા છે.

૯. સુરતમાં આઆપના ૨૭ કૉર્પોરેટરે છેલ્લાં પાંચ વર્ષમાં નાટકબાજી સિવાય કંઈ ન કર્યું તે પણ લોકોએ જોયું. તેથી સુરતમાં આઆપનો સફાયો થઈ ગયો.

અને એટલે જ પંદરે પંદર મહાનગરપાલિકા, ૮૪માંથી ૭૮ નગરપાલિકા, ૩૪ માંથી ૩૩ જિલ્લા પંચાયત, ૨૬૦ માંથી ૨૫૩ તાલુકા પંચાયતમાં ભાજપનો મજબૂત વિજય થયો છે. પરંતુ ‘કેટલાક’ લોકોને હજુય નહીં જ સમજાય. ■

jaywant.pandya@gmail.com

## સ્થાનિક સ્વરાજ અને સત્તાના વિકેન્દ્રીકરણનો ઉદ્દેશ કેટલો સિધ્ધ થયો છે ?

રાજકીય રસધાર



પ્રવીણ માધાણી

મહાભારતમાં શાંતિદૂત બનીને ધ્રુતરાષ્ટની સભામાં વિષ્ટિકાર બનીને આવેલા ભગવાન શ્રી કૃષ્ણએ પાંડવો વતી ઈન્દ્રપ્રસ્થની અવેજીમાં માત્ર પાંચ ગામ માંગેલા.જો કે દુર્યોધને ના પાડેલી. મહાભારતમાં ગ્રામ અને ઘોષ નામે સત્તાના નાના વિકેન્દ્રીકરણના એકમનો ઉલ્લેખ છે. દસ ગામનું જૂથ અને તેનો વડો “દસગ્રામીણી”, સો ગામનો વડો “શતગ્રામીણી” અને હજાર ગામનો વડો “ અધિપાલ” કહેવાતો. આમ મહાભારત કાળમાં પણ સત્તાનું વિકેન્દ્રીકરણ ગામડા સુધી થયેલું હતું. આધુનિક સમયમાં અંગ્રેજકાળમાં ૧૮૮૨માં લૉર્ડ રીપને ખરડો પસાર કરીને આપણી હાલની અને ત્યારની ભાવી સ્થાનિક સ્વરાજ સંસ્થાઓના સિધ્ધાંતો રચી આપ્યા. એટલે જોવા જઈએ તો લૉર્ડ રીપન આપણા સ્થાનિક સ્વરાજની સંસ્થાના આધસ્થાપક થાય. પછીથી ગાંધીજીએ વખતોવખત ગ્રામસ્વરાજ, પંચાયતીરાજ વિષે લખ્યું અને બોલ્યા. બાપુના ખ્યાલે ભારતનું હરેક ગામ રાજઅમલની પુરેપુરી સત્તા ધરાવનારું સંપૂર્ણ પ્રજાસતાક કે પંચાયત હોય એવી કલ્પના કરેલી અને કહેલું કે ભારતનો આત્મા ગામડામાં વસે છે.ત્યારબાદ બંધારણ ઘડતી વેળા માર્ગદર્શક સિધ્ધાંતોમાં રાજ્યોને આદેશાત્મક ખ્યાલ આપ્યો અને બળવંતરાય મહેતા જેવા સ્વાત્રંતસેનાની અને ગાંધીજન દ્વારા સ્વરાજ્યના ગાંધીવિચારને સાથે વણીને ત્રિસ્તરીય મૂર્તિમંત સ્વરૂપ આપવામાં આવ્યું.અને ૧૯૯૩ના ૭૩મા સીમાચિન્હરૂપી બંધારણીય સુધારાથી આપણે મહિલાઓને સત્તામાં ૩૩% હિસ્સેદારી પણ આપી, વંચિત વર્ગોને સત્તાની સહભાગીદારી રૂપે અનામત આપી. પંચાયતીરાજના પરિણામો કે નિષ્કર્ષચકાસતા પહેલાપહેલા જે ઉમદા ઉદ્દેશો માટે આ માળખું રચવામાં આવ્યું હતું એ જોઈએ તો પહેલું તે સત્તાનું વિકેન્દ્રીકરણ અને તે આધારે દેશનીગ્રામ્ય જનતાના હાથમાં સત્તા અને અધિકારોની સાચા અર્થમાં સોંપણી, બીજું બહુજનસમાજની શક્તિઓનો તેના પોતાના અને સામુદાયિક કલ્યાણ માટે સુચારુ ઉપયોગ, સ્થાનિક પંચાયતી સંસ્થાઓને નાણાકીય અને તેના આયોજનની સત્તા વિ. આ ઉપરાંત સિદ્ધ થવા યોગ્ય ઉદ્દેશોમાં સત્તાના નાના એકમો દ્વારા નીચેના સ્તરેથી રાજકીય અને સમાજજીવનની પ્રતિભાઓની સામેલગીરી અને વિકાસ, ગ્રામપંચાયતથી સામેલ કરીને લોકસભા સુધીમાં સામાન્ય નાગરિકોનું લોકશાહીમાં વિશ્વાસનું દ્રઢીકરણ જેવા મુખ્યત્વે ગણી શકાય. ગુજરાત સંદર્ભે ઉપરના ઉદ્દેશોની મુલવણી કરીએ તો એકલદોકલ ઉદાહરણ બાદ કરતા આશા નિરાશા બંને હાથ લાગે છે. વિદ્યાર્થી પરિષદ કે યુનિવર્સીટી કેમ્પસની ચૂંટણીઓ અને સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ મોટા નેતા તૈયાર કરવાની પાઠશાળા ગણાય છે. ઘણા એવા ઉદાહરણો મોજૂદ છે કે રાષ્ટ્રીય સ્તરના નેતાની કારકિર્દી વિદ્યાર્થી નેતા કે સ્થાનિક એકમના નેતા તરીકે થઈ હોય છે. ભલે ગ્રામપંચાયત રાજકીય પક્ષોના ચિન્હો ઉપર ના લડાતી હોય પણ રાજકીય પક્ષો બરાબર રસ લઈને નેતાઓ તૈયાર કરવાની દાનત રાખે તો અવશ્ય સારું નિષ્પન્ન મળી રહે. બીજી દિશામાં હકીકત થોડી ચોંકાવનારી પણ છે. આપણે સ્ત્રી અનામત આપ્યા બાદ “સરપંચપતિ” જેવા શરમજનક રાજકીય શબ્દનું અન્વેષણ કરીને સ્ત્રીશક્તિ અને સ્ત્રી અનામતનો ઉપહાસ કર્યો છે. ગ્રામપંચાયત સ્તરે તો સ્ત્રીઅનામત મોટાભાગે મજાક બની રહી છે.સ્ત્રીને માત્ર નામની ખુરશી પર બેસાડીને તેના પતિદેવો સરકારી કામોના ઈજારદાર કે કોન્ટ્રાકટર બની ગયા છે.ચૂંટાયેલી સ્ત્રી પ્રતિનિધિ મોટાભાગે સહી કરવા કે અંગુઠો મારવા કાર્યાલયે આવે છે. જે ભ્રષ્ટાચાર દિલ્હી કે ગાંધીનગર થતો એ થોડા ઘણા પ્રમાણમાં ગામડે ધકેલ્યો છે માત્ર. ગ્રામવિકાસ માટે નાણાની મોટાપાયે ફાળવણી અને એ નાણાની સ્થાનિક સ્તરે ખર્ચની સત્તા અને સ્વાયતતા સાથે એ સ્તરે વ્યવસ્થા અને યોગ્ય નિરીક્ષણના અને પ્રજાકીય જાગૃતિના અભાવે નવાસવા પ્રવેશ પામતા રાજકીય કારકિર્દી વાચ્છુંઓને પંચાયતીરાજ ભ્રષ્ટાચારની પ્રાથમિક તાલીમ કેન્દ્રની ગરજ સારે તેવું તંત્ર ગોઠવાઈ ગયું છે. ગુજરાત જેવા રાજ્યોએ નાણા ખર્ચીને રસ્તા,વીજળી,પાણી(સ્વચ્છ પાણી અભિપ્રેત નથી) જેવી પ્રાથમિક સુવિધાઓ તો પહોચાડી દીધી છે પરંતુ સ્વચ્છતા, આરોગ્ય, ખેતી, રોજગાર, શિક્ષણ ક્ષેત્રે હજુ જે મજલ કપાવી જોઈએ તે હજુ પણ બાકી ખાતે બોલે છે. ગ્રામ્યક્ષેત્રના દવાખાનાઓમાં ડોક્ટરનું પ્રમાણ ચિંતાજનક રીતે ઓછું છે. ખેતીમાં પુષ્કળ પ્રમાણમાં પ્રચ્છન્ન બેકારી છે. શહેરો સાથે ગામડા માત્ર રોડથી જ જોડાયેલા છે. જેમાં લોકભાગીદારી અનિવાર્ય છે એવા ક્ષેત્રોમાં હજુ ખેડાણ બાકી છે, લોકજાગૃતિ બાકી છે. માત્ર વ્યવસ્થા ઉભી કરીને કે નાણા ખર્ચી બતાવીને મત બટોરવાની શાસકોની ખોરી નીતિને લીધે આ ક્ષેત્રો કંગાળ કહી શકાય એવી સ્થિતિમાં રહીજવા પામ્યા છે.સારી આરોગ્ય વિષયકસેવાઓ કે શિક્ષણ માટે ગામડા આજે પણ સંપૂર્ણપણે શહેરો પર આધારિત છે. ખેતી યાતો કુદરત યાતો સબસીડી આધારિત છે. ગામડાનો પ્રાણ એવી ખેતી આજે પણ પરંપરાગત અવસ્થામાં જ છે. એક બે ક્રાંતિ કરીને સરકાર પગ વાળીને બેસી ગઈ છે. ૨૦૨૨માં ખેડૂતોની આવક બમણી કરવા ધારતી સરકાર આ ઉનાળે પાણીકાપ રહેશે તેવી જાહેરાત પણ કરે છે.જીવાદોરી નર્મદા સુકાતા નેતાઓના ગળામાં શોષ પડી જાય છે. લખલૂટ નાણા ખર્ચીને હજુ ગામડાઓ માટે યોગ્ય જળવ્યવસ્થાપન ઉભું નથી થઈ શક્યું. શહેરોની થોકબંધ મતબેંક સામે ગામડાની છૂટક મતબેંક હારી રહી છે કદાચ. આ બધું નબળી પંચાયતી નેતાગીરીને આભારી છે. મોટાભાગે પંચાયત કક્ષાના નેતાઓ આજેપણ વિધાયકોના કે જીલ્લા કક્ષાના નેતાઓના જુનિયરનો રોલ અદા કરે છે.તેઓ મોટાભાગે ઉપલી હરોળના નેતાઓના આશ્રિત બની રહે છે અને એની આભા માંથી બહાર આવી શકતા નથી. ભ્રષ્ટાચારમાં ઉપર નીચેની કેડરની માંહેમાંહેની જેવી સાઝેદારી અને સાયોંજયછે તેવી જનકલ્યાણના કાર્યોમાં ઝટ દઈને દીસતી નથી. આ બધા પ્રશ્નોના ઉકેલ માટે સ્થાનિક મજબૂત નેતાગીરી અનિવાર્ય છે. ગુજરાતમાં તાજેતરની સ્થાનીસ સ્વરાજની ચૂંટણીના પરિણામોમાં જનતાએ ફરીથી સત્તાધારી પક્ષ પર વિશ્વાસ મુક્યો છે. લગભગ ત્રણ દાયકાથી ભાજપ ચૂંટાયેલી સત્તાના દરેક એકમ પર પ્રભુત્વ ધરાવે છે, ત્યારે હવે સમય છે કે નીચેના સ્તરેથી પ્રતિનિધિઓ કેળવીને આગળના સ્તરની રાજનીતિમાં લઈ જવાનું પ્રમાણ બહોળું થાય. સ્થાનિક સ્તરના વણઉકેલ્યા લાંબા સમયના પડતર પ્રશ્નોનું નિરાકરણ અંત્યોદયના ખ્યાલ સાથે મજબૂત પાયા પર થઈ શકે.

ક્વિક નોટ – “ પહેલોવાહેલો ખુરશીમાં આવીને બેઠો અને હારતોરા પહેરાવવામાં આવ્યા કે ગુપ્ત અભિમાન પેદા થયું.” – સરદાર પટેલ -૧૫-૦૩-૧૯૪૨ અમદાવાદ મ્યુનીસીપલ પક્ષની સભામાં.

■ production@infiniumpharmachem.com

## કીડી બધીય સાથે મળીને કેમ ચાલે છે ?

હાસ્યાય નમઃ



ડો. પ્રકાશ દવે
૯૫૭૪૩૭૪૪૫૩

(૧)અંગ્રેજી શબ્દ FUTURE ને ફૂટુરેને બદલે ફ્યૂચર કેમ કહેવામાં આવે છે?.

યોગેશભાઈ આર જોશી (હાલોલ)

Natureને નાટુરેને બદલે નેચર કહેવામાં આવે છે એની દેખાદેખી.. બીજું શું?!

(૨)ઈશ્વરમાં શ્રધ્ધા રાખવી, ગુરુમાં શ્રધ્ધા રાખવી કે પડોશીમાં શ્રધ્ધા રાખવી?

દર્શિત વોરા ક્ષિતિજ (ગાંધીનગર)

આનો જવાબ મેળવતા પહેલા આપે મારામાં શ્રધ્ધા રાખવી પડશે.

(૩)સાહેબ..! સમજણ વગરનું શું નાં કરાય..?

ધોરાજીયા કેવિન ઘનશ્યામ (સાજણટીંબા હાલ કેનેડા)

સવાલ.

(૪)બધી સત્તાનો પાવર ખુરશીમાં જ કેમ હોય?

ધોરાજીયા ઘનશ્યામ એન. (સાજણટીંબા)

ખુરશી મળે પછી કહું.

(૫) પરીક્ષાની શોધ કોણે કરી?

ધોરાજીયા ચંદ્રકાન્ત એન. (સાજણટીંબા)

ઉત્તરવહી છાપવાવાળાએ.

(૬)અમે એક કાર્યક્રમ ગોઠવવા માંગીએ છીએ.તમે એમાં ચીફ ગેસ્ટ તરીકે પધારશો?

જય દવે (ભાવનગર)

ના, મને મોડા પડતા નથી આવડતું!

(૭)મંડપ નીચે પાવરફુલ જમ્બો એરકુલર ગોઠવ્યા અને જમવા થર્મોકોલની ડીશમાં આપ્યું; શું કરવું ?

કનુભાઈ પરમાર (દામનગર)

જમ્બો એરકુલર પાછળ બેસી ને જમો.

(૮) તમારી પાસે કેરીના બગીચા છે કે નહિ? અમારે તમારી પાસેથી કેરી ખરીદવી છે.

રાજુ એન. જોષી (ધરાઈ બાલમુકુંદ)

કેરીના બગીચા હોય તો આ જવાબ આપવાની પળોજણમાં શું કામ પડું?

(૯)અઠવાડિયામાં આઠ વાર કેમ નથી હોતા?

કમલેશભાઈ મકવાણા (બોડેલી)

પગારદાર કર્મચારીઓને કારણે. આઠ વારનું અઠવાડીયુ કરવામાં આવે તો ૩૪ જેટલા દિવસનો મહિનો થાય. પગાર મોડો આવે તો કર્મચારીઓ વિરોધ કરે!

(૧૦)કીડી બધીય સાથે મળીને કેમ ચાલે છે?

હરેશભાઈ મકનભાઈ કાવઠિયા (નવા ઉજળા)

મંકોડાઓને સંપનું ઉદાહરણ પૂરું પાડવા.

(૧૧)મારે મોક્ષ જોઈતો નથી તો મારે કઈ વિધિ કરવી પડે? સલાહ આપશો . બાલુભાઈ કિકાણી (લીલીયા મોટા)

સાદા કાગળ પર બાહેંધરી લખી નાખો કે હું મોક્ષ પરનો મારો અધિકાર જતો કરું છું અને ભવિષ્યમાં ક્યારેય મોક્ષ પર મારો દાવો રજૂ નહી કરું!

(૧૨)ટીવી સિરિયલમાં એપિસોડના અંતમાં એવું કેમ બતાવે છે કે બીજા દિવસે જોવી જ પડે છે?

જીગર યાદવ (ગુરુ) (દાત્રાણા-પાટણ)

એવું ન બતાવે તો સીરિયલ બંધ પડી જાય અને નિર્માતાને માથે દેવું થઈ જાય.

(૧૩)કોગળા નામ કેમ પડ્યું હશે?

રમાબેન પટેલ (અમદાવાદ)

ગળાને કોરું કરવા માટે આખો ઉદ્યમ આદર્યો હોવાને લીધે.

(૧૪)તમારે ત્યાં ગરમીની કેવી અસર છે?

નીરવ ડણાંક (અમરેલી)

ફ્રીઝમાં પાણીએ ઠંડુ થવાની ના પાડી દીધી એવી.

(૧૫)ખાડી યુધ્ધને લીધે આપણને શું ફરક પડ્યો?

ધવલભાઈ પાનવાળા (રાજકોટ)

આપણું ધ્યાન ખાડા પરથી ખાડી પર જતું રહ્યું. ■

**નોંધ.. આપના હાસ્યરસિક પ્રશ્નો આપના અને ગામનાં નામ સાથે વોટ્સએપ નં. ૯૫૭૪૩૭૪૪૫૩ પર મોકલો..**

# ભ્રમણા સદા સત્યથી બહુ દૂર હોય છે અને મહત્મ કિસ્સામાં તો સત્યથી વિપરીત હોય છે



સપ્તરંગ
દિલીપ ભટ્ટાચાર્ય

આત્માની ઓળખ તો બહુ દૂરની વાત છે, આભીતર જ હોવા છતાં ત્યાં સુધી તો કેમ પહોંચાય ? છતાં મીરાંબાઈ કહે છે કે આત્માને ઓળખ્યા વિના, લખ ચોરાસી ફેરામાંથી મુક્તિ નહિ મળે. ક્યારેક તો એમ લાગે છે કે આવા કોઈ લગ ચોરાસી ફેરા હશે કે નહિ હોય, કોને ખબર ? પરંતુ મનના હિંચકા પર મનુષ્ય દિવસ અને રાત જે ફેરા માર્યા કરે છે એ તો લખ ચોરાસીથી પણ અનેક ગણા વધારે છે. ભક્ત કવિઓ અને સંતો પરલોકની વાતો કરે છે, પરંતુ એમની નજર સામે તો ઈહલોક જ હોય છે, એટલે એમની વાતો તરફ જો નિરાતનું ધ્યાન આપવામાં તો સૌથી વધુ તો એ આ લોકમાં જ એપ્લિકેબલ હોય છે. એટલું સમજાય તો જ આ સંતવાણી અને શાસ્ત્રો કંઈકેય આપણા કામમાં આવે, નહિતર તો એ માત્ર પોતપોતાની જગ્યાએ ચમકતા વાકરત્નો કે ગ્રન્થરત્નોથી વિશેષ કશું નથી.

ભક્તિધારામાં વહેતી અનેક રચનાઓ એવી છે કે એના આખા વિશ્વને કદાચ આપણે ન પામી શકીએ તો કંઈ નહીં એમાં એકાદ પંક્તિ ગળે ઉતરે તોય બહુ છે. મીરાંબાઈએ બીજી પંક્તિમાં કહ્યું કે ભ્રમણાને ભાંગ્યા વિના રે... આ ભવના ફેરા નહિ રે ટળે હો જી... ખરેખર તો એમાં આ જીવાતી જિંદગીની જ વાત છે. એમાં કોઈ પરલોકની વાત નથી. આ એક પંક્તિ પૂરતો મીરાંબાઈને મોક્ષમાં રસ નથી, એને તો જિંદગીની દડમજલમાં ભ્રમમાં મનુષ્ય જે ગોથા ખાય છે, એમાંથી એને મુક્તિ અપાવવાની તાલાવેલી છે, એટલે જ છે તેઓ કહે છે કે આ જે વર્તમાન જિંદગી છે એના ફેરા એટલે કે ધક્કા જો ઘટાડવા હોય તો ભ્રમણાને ભાંગો. એક તાડના ઊંચા ઝાડને કે પહાડને ભાંગવાનું કામ સરળ છે પણ ભ્રમણાને તો ભાંગવું હોય તો ભાંગે નહિતર ભડકો થઈને જંગલ બની જાય.

ભ્રમણા તો કોનાથી ભાંગે ને કઈ રીતે ભાંગે...? એ તો બહુ મોટી જાદુગરી છે. બહુ બધા ચિત્રો એક જ કેનવાસ પર ઉપરાઉપરી દોરાઈ ગયા બાદ એ કેનવાસને અગાઉ હતો તેવો ચાંદની જેવો શ્વેત કરવાનું આ કામ છે. આપણે મનની પાટીમાં લીટા કર્યા એ તો સત્સંગે ભૂંસાઈ પણ જાય પણ જે ઘસરકા થઈ ગયા છે એને લુપ્ત કરવાના છે. દરેક ભ્રમણા મનુષ્યના મનમાં એક અદશ્ય પથ રચે છે. સાધુ એને કહેવાય જે આખી પાટી કે આખો કેનવાસ બદલી આપે. જ્યાં સુધી મન કોરું કડાક ન થાય અને પછી સાવધાની ન કેળવાય તો ફરી એના એ જ ફોગટ ફેરા રહે છે. ભ્રમની એક વિશેષ લાક્ષણિકતા છે કે એ સાવ સત્યની નજીકનો જ અનુભવ આપે છે અને તે એટલી હદનો હોય છે કે પછી મનુષ્યને સત્યની જરૂર જ પડતી નથી. એને ભ્રમણા ગમવા લાગે છે. અને કાળના પ્રવાહમાં એ ભ્રમણા, મગર જેમ હાથીઓના રાજા ગજેન્દ્રને પાણીમાં ઊંડે તાણી જાય એમ મનુષ્યની જિંદગીને તાણી જાય છે. પછી મનુષ્ય હોવા છતાં જાણે કે હોતો નથી. કારણ કે એના ભવિષ્યનો સમય પણ ભ્રમણાએ એડવાન્સમાં અંકે કરી લીધો હોય છે. એટલે કે ઘડિયાળના કાંટા ફરે છે પણ ભ્રમણાનો ભોગ બનેલાનો સમય આગળ વધતો નથી. એ ત્યાં ને ત્યાં જ અટકાયેલો-ખોટકિયેલો રહે છે. ટિકટિક સંભળાય છે પણ ધબકાર હોતો નથી.

ભ્રમણામાં જ મઝા પડે એવો વિરાટ સમુદાય આ જગતમાં છે અને એના વર્તુળમાં કૂદી પડવા જેવું નથી. જિંદગી પછી ભ્રમમાં જ વહી જાય છે. ભ્રમણા સદા સત્યથી બહુ દૂર હોય છે અને મહત્ કિસ્સામાં તો સત્યથી વિપરીત હોય છે. અર્ધસત્ય એક અલગ અધ્યાય છે પણ ભ્રમણાનો તો બહુ લાંબો વંશવેલો હોય છે. એ ગળોની વેલ લીમડાને વીંટળાય એમ વીંટળાઈ જાય છે. ફેર એટલો છે કે ગળો ક્રમશઃ લીમડાની નરવી કડવાશ પોતાનામાં ધારણ કરે છે અને ભ્રમણા જેને પણ વળગે છે એને પોતાની ખતરનાક કડવાશ આપે છે. એવું નથી કે કર્મમાં જ ભ્રમણાઓ છે, ધર્મમાં તો પારાવાર ભ્રમણા છે અને તોતિંગ છે. એનું તો ખંડન કરવું જ અઘરું છે કારણ કે લાખો લોકોએ એ ભ્રમણાઓને આધાર આપીને યુગયુગોથી ટકાવી હોય છે. દોરડું ખરેખરો સાપ લાગે એ ભ્રમણાં રસપ્રદ છે કારણ કે એમાં જાનનું જોખમ નથી, પરંતુ જ્યારે ખરો સાપ, આપણને દોરડું જ લાગે ત્યારે ? ત્યારે જોવાજેવી થાય છે. આવી જોવાજેવી આ સંસારમાં એક નહિ ને એક ઘરે થતી જ હોય છે. સત્યની ઉપાસના કરવાની વાત પહેલી નજરે આધ્યાત્મિક લાગે. પણ એ પ્રથમ તો આપણી જિંદગીની દર ક્ષણે જરૂર પડે એ પ્રાણતત્ત્વ છે. સત્યનું પૂંછડું ભૂંડે હાલે પણ પકડી રાખવું એમ સંતો અમથું તો નથી કહેતા. કારણ કે ખરા ભૂંડા હાલ તો ભ્રમણામાં રમમાણ રહેતા થાય છે. સત્યના પૂંછડા ઝાલતા જે ભૂંડા હાલ થાય છે એ તો પ્રહલાદ, હરિશ્ચંદ્ર કે વિષપાનુની મીરાં જેવા થાય છે, એનો કંઈ અનુભાવકને ક્ષોભ ન હોય,એ તો થયા કરે. ■

# મોડી રાતે દામાની આંખો અનેક સપનાંઓ સાથે માંડ માંડ બંધ થઈ






ધારાવાહી નવલકથા
અમૃત પરમાર

આમ આવી બધી વાતો કરતાં કરતાં મા-દીકરાએ જમવાનું પૂરું કર્યું. જમીને તરત જ પહેલાંની ટેવ પ્રમાણે દામો તો હિંડોળા પર બેસી ગયો. તમાકુની ડબ્બી કાઢી તે તમાકુ ચોળવા લાગ્યો, અને ત્યારે બા તો રસોડાના કામમાં લાગી ગયાં હતાં.

હવે રાતના સાડા દસ થયા એટલે બા એ જ કહ્યું : ''હવે પથારીમાં લાંબા થઈએ તો સારું લાગે, અને હા તું તારા વિચારો થોડા ઓછા કરજે. મગજ ઉપર વધારે ભાર આવે તો બધું જ વિખાઈ જાય. સારી ઊંઘ આવે તો બધા જ રોગો દૂર ભાગે છે. જા..., હવે તું આરામ કર...''

બા...ના આવા શબ્દો આશ્વાસન જરૂર આપે પરંતુ એવું બધું શક્ય થઈ શકે...? દામાએ તેને ખુદને જ પ્રશ્ન કર્યો, ને થોડીવાર પછી તે ઊભો થયો એટલે બા... પણ ઊભાં થયાં. દામો રૂમમાં દાખલ થયો ને બા તેના રૂમમાં ચાલ્યાં ગયાં.

દામો જેવો રૂમમાં દાખલ થયો એ સાથે તો અસંખ્ય યાદો બળજબરીથી તેના મગજમાં ઊભરી આવી. એક પછી એક એમ અનેક દશ્યો તેની નજર સામે નાચ કરવા લાગ્યા જાણે. આ એ જ રૂમ હતો જેમાં જ્યોતિએ પાંચેક મહિના વસવાટ કર્યો હતો. આ રૂમમાં જ તે ઊંઘતી, નાહતી ને તૈયાર થતી. હા, આ એ રૂમ હતો કે જ્યાં સૂંવાળા સંબંધોની આડમાં જ્યોતિએ તેનું લચીલું એવું આખેઆખું શરીર સ્વેચ્છાએ દામાને મન મૂકીને અર્પણ કરી દીધું હતું. એટલે આજે તો અનેક યાદોના અનેક ચિત્રો એક પછી એક એમ તેની નજર સામે તરવરવા માંડ્યા.

મોડી રાતે દામાની આંખો અનેક સપનાંઓ સાથે માંડ માંડ બંધ થઈ. પછી તો સપનાઓમાં પણ જાણે આગ સળગવા લાગી, સપનાંઓ જાણે સંતાકૂકડીની રમત રમતાં રમતાં લાલપીળું દેખાવા મંડ્યું. એની મેળે જ સળગવા લાગ્યા. ને પછી તો એક સમયે જ્યોતિનો એ કોમળ અને સુંદર ચહેરો પણ દામાએ તેની નજરે સળગતો જોયો. ને પછી, થોડીવારે એવો ભયાનક અને કદરૂપો ચહેરો હવે દામાને ભયમુક્ત દેખાયો, આવું દશ્ય જોતાં જ દામાએ ભરઊંઘમાં ત્રાડ પાડી : ''નહીં...! નહીં...!! નહીં...!!!'' વહેલી સવારે દામો ઉઠ્યો ત્યારે તેનું આખું શરીર ખૂબ દુખતું હતું. આજે આમ તો રજાનો દિવસ હતો એટલે બા પાસે રોકાવાનો ખૂબ જ સારો યોગ થયો હતો. સવાર સવારમાં નાહી પરવારીને તે તૈયાર થયો. બા પણ તેના રોજના નિયમ પ્રમાણે વહેલાં જ ઉઠી ગયાં હતાં. એટલે ચા-પાણી પી લીધા પછી દામાએ કહ્યું : ''બા..., હું થોડીવાર બહાર... ગામમાં ચક્કર મારું તો મને ગમશે. આમ પણ મારે માવો ખાવા તો ગલ્લે જવું જ પડશે. એ ચક્કર મારીને થોડીવારમાં જ પાછો આવું છું...''

''સારું... તું બહાર આંટો મારી આવ. ઘરમાં પણ આમેય તારે ક્યાં કઈ કામ છે? જા... તું તારે નિરાંતે આવજે...'' બાએ કહ્યું.

હવે દામો ડેલી બહાર નીકળ્યો. ચાલીને સીધો જ તે પેલા પાનના ગલ્લે પહોંચ્યો. આજે તેણે માવો નહીં પરંતુ તેજ તમાકુવાળું પાન ખાધું. કોઈ દિવસ નહીં પણ આજે તેને પાન ખાવાની ઈચ્છા થઈ આવી હતી. રવિવારે લાયબ્રેરીએ જવાનું તેનું મન હતું નહીં એટલે તેના પગ ભૂતનાથ તરફ વળ્યા. ભૂતનાથ મહાદેવના દર્શન કરી તે બગીચામાં એક બાંકડા પર નિરાંતે બેઠો. સાચી શાંતિ તેને અહીં આ જગ્યાએ મળી. એટલે ખાસો તે બેઠો રહ્યો. પછી ઊભો થયો ને ધીમે ધીમે ચાલીને હવે ઘર તરફ ચાલવા લાગ્યો.

અંદાજે દોઢેક કલાક પછી દામાએ ઘરની ડેલીમાં પગ મૂક્યો ત્યાં તો તેના આશ્ચર્યનો કોઈ પાર ન રહ્યો. ડેલીમાં પગ મૂકતાં જ ઘડીભર તો તે થંભી ગયો, તેને ખૂબ જ અચંબો થયો. સાથે સાથે તે એટલો બધો ખુશ થયો હતો કે ન પૂછો વાત! કારણ કે હિંડોળા પર બેઠેલી વ્યક્તિ બીજી કોઈ નહીં પણ એ રણમલ જાડેજા હતો. દામાનો જીગરી દોસ્ત! લંગોટિયો મિત્ર.

પછી તો રણમલને જોતાં જ દામાએ જબરી દોટ મૂકી. ઝડપથી ઓસરીનાં પગથિયાં ચડી રણમલને ગળે વળગી જ પડ્યો. ત્યારે રણમલે પણ દામાની પીઠ જોરથી થાબડી. ને આવું થતાંની સાથે દામાનું હૈયું હરખથી ભરાઈ આવ્યું. ઘણી ઘણી કોશિશ કરવા છતાં દામાની આંખો ભીની થયા વગર ન રહી તે ન જ રહી. એટલે તો તે થોડીવાર કશું પણ... એક શબ્દ પણ બોલી ન શક્યો.

''ગાંડા..., તું ક્યારે આવ્યો...?'' રણમલે દામાને પૂછ્યું.

''ગઈકાલે બપોરના ત્રણ વાગ્યે...'' કહી દામાએ સ્વસ્થ થઈ જવાબ આપ્યો.

(ક્રમશ:) ■

# અચાનક એક જોરદાર પથ્થર આવ્યો




અચાનક એક જોરદાર પથ્થર આવ્યો. અને ધડીમ કરતો આનંદના ચહેરા ઉપર જ વીંઝાયો. આનંદ લથડયો અને મોટરસાઈકલ સ્લીપ થઈ ગઈ. અને બંને રસ્તા ઉપર જોર થી પછડાયા..એ જ વેળાએ....ચાર ઓળા આનંદ ઉપર તૂટી જ પડ્યા.. ધોકા,લાઠી,હોકી અને આડહર ના અસહ્ય મારથી આનંદ બેવડો વળી ગયો.પણ એજ વેળાએ દૂર થી કોઈ વાહનની લાઈટ ઝબકી. અને પેલા ઓળા ચેત્યા.વાહન ઝડપથી આ તરફ આવી રહ્યું હતું. અને પેલા ઓળા ભાગ્યા.આનંદ અધમૂઓ તો થઈ ગયો હતો. પણ ભગવાને તેને જીવવાની એક તક આપી હતી.એ અંધારાનો લાભ લઈને ઢસડાતો ઢસડાતો ભાગી છૂટ્યો.પેલા ઓળાની વિરુધ્ધ દિશામાં બાવળની ઘટાટોપ ઝાડીમાં ખૂબ ઊંડે ઊતરી ગયો.અને ત્યાં આવતી એક ખાઇ ટપીને અંધારામાં બંને અલોપ થઈ ગયા..ભગવાનનો પાડ કે કોઈ મસીહો એવા રસ્તે વાહન લઈને નીકળ્યો નહીતર આજે પોતે જીવતો ના રહ્યો હોત!એ તો ઠીક,પણ રૂપાની આબરૂ લૂંટાઈ ગઈ હોત! એ કલ્પના માત્ર થી પોતે ધ્રૂજી ગયો.કે જો એવું થયું હોત તો પોતે રાવજીભાઈ ને મોઢું શું બતાવેત??!અંધારી રાત હતી. તમરાં ના ત્રમ ત્રમ અવાજ રાતને વધુ ઘેરી બનાવતા હતા.ક્યાંક દૂરથી તો ક્યાંક સાવ ઓરેથી સુક્કા પાંદડા ઉપર પડતા રાની હિંસક પ્રાણીઓના પગલાં રાતને વધુ બિહામણી બનાવતા હતા.તો નજર સામે ઊભેલા આંકડાના છોડ જોઈને એમ લાગતું હતું કે કોઈ નજર સામે જ ઊભું છે.!

રૂપા ડરી જઈને ,એક ચીસ પાડી જઈને આનંદ ને વળગી જતી અને આનંદ એને પોતાની બાહુપાશમાં સમાવી લેતો હતો!

‘ક્યાં હતો તું બોલ?‘ આનંદે રૂપાને લઈને ડેલામાં પગ મૂક્યો એજ વેળાએ રાવજી ત્રાડયો.ડેલાની બહાર માણસોનું મોટ્ટું ટોળું જામેલું હતું.તો ડેલામાં પણ કેટલાય સ્ત્રી પુરુષો ઊભા હતા. આનંદ ધીમી ચાલે આવીને રાવજી સામે ઊભો રહ્યો.અને રૂપા દોડીને મા પાસે જતી રહી અને માં ને ભેટીને ધ્રુસકે ને ધ્રુસકે રડી પડી..

રાવજી હવે ખુન્નસ ઉપર આવી ગયો હતો.

એ ચિલ્લાતો હતો,''તને પૂછું છું નકટા , પાપિયા, હરામખોર.,..મારી દીકરીને આખી રાત તું ક્યાં લઈને ચાલ્યો ગયો હતો??''

‘હું સાચું કહું છું. મારાં માબાપનાં સોગંદ ખાઈને કહું છું કે મોહનલાલની મોટરસાઈકલ લઈને હું અને રૂપા આવતાં હતા કે કોઈએ મારા ઉપર ખૂબ મોટા પાણાંનો ઘા કર્યો. હું પડી ગયો. એજ વેળા મારા માથા ઉપર કોઈની લાત, મુક્કા, અને એક લાકડી, લાઠી,અને હોકી ના ઘા થયા.મારા શરીર ઉપર,મારા માથા ઉપર ફટકા પડ્યા.કોઈ ચાર ચાર જણ મારી ઉપર તૂટી પડ્યા હતા... મને તમ્મર આવી ગયા. મારી આંખોમા અંધારા આવી ગયા. મારી આંખો સામે મેં ચાર. ચાર ઓળા જોયા. એ લોકો રૂપીને ખેંચીને ક્યાંક લઈ જતા હતા. મેં મારામાં જેટલું બળ હતું એ વાપરીને એમનો સામનો કર્યો. આજે મારી કસોટી હતી. હું સમજયો હતો કે જો આ મોકો ચૂકી જઈશ તો રૂપાની જીંદગી ખાનાખરાબ થઈ જવાની અને લૂંટાઈ જવાની હતી. એ લોકો હું ખૂબ ઝઝૂમ્યો ઝનૂન ઉપર અને જીંદગીના દાવ ઉપર આવી ગયો. એ લોકો મારૂં રૌદ્ર સ્વરૂપ જોઈને કે પછી ઈશ્વરીય ચમત્કાર થયો હોય, એ જ વેળાએ કોઈ વાહનની લાઈટના શેરડા પડ્યા અને એ લોકો ભાગી ગયા. એ કોણ હતા એ ઓળખી નહોતો શક્યો...''

આનંદે બુશર્ટ ની બાંય ઊંચી કરી.પેટ ઉપરથી પણ શર્ટ ઉપર ખેંચ્યો,''જુઓ,આ ઘા જુઓ..પછી મને કહેજો..''

''રહેવા દે..રહેવા દે..એ તારી બધી લીલા..એ બધા ઘા દેખાડા ના અને ખોટા છે.અને તું ય પગથી તે ઠેઠ માથા લગી નરાતાળ ખોટ્ટો છો..''રાવજી ચિલ્લાયો. પણ હું તને જાણું છું કાળમુખા! તે જેની થાળીમાં ખાધું એની જ થાળીમાં થુંક્યો??? આ બધી તારી ઉપજાવી કાઢેલી વારતા છે. તરકટ છે. જૂઠ છે જૂઠ! તેં મારી પારેવડી જેવી દીકરીને ફસાવી છે. અને આ બોલતા પુરાવા છે. જો, આ તારી લીલા..! મને આજે જ ફોટા મળ્યાં ત્યારે મને ખબર પડી. અત્યાર સુધી મને એક- બેવાર છાની છપની વાતતો મળી હતી. પણ મેં તારી ઉપર વિશ્વાસ રાખીને વાત કરવા વાળાને એનું મોઢું કાળુ કરવા કહ્યું હતું. પણ મને ખબર નહોતી કે તું જ આવો દગાબાજ હોઈશ. હકીકતમાં તો તું જ કાળા મોઢાળો હતો. કહેતા એક ફેંટ આનંદને ઝીંકી દીધી. આનંદનો માત્ર ગાલ નહીં પણ જાણે હ્રદય ચિરાઈ ગયું.

‘આ ફોટા?‘ આશ્ચર્ય પામીને આનંદે કહ્યું : ‘પણ આ ફોટા તો મેળાંના છે. આ જુઓ, ચકડોળ, છત્રીઓ, રાવટીઓ, રાવટીની ચંદણી, રાહડા લેતી સ્ત્રીઓ અને અમે એકલા નહોતા. બધાની હાજરી હતી જ. અને આ ફોટા અમે તો કોઈએ લીધા નથી.

‘હા બચ્યું....તું પોપટ છો. ખબર છે અમને. તે બધાને ઉટપટાંગ સમજાવે છે...‘ ઓરડામાંથી બહાર આવતો જયચંદ બોલી ઉઠ્યો: ''અરે, આ તો માત્ર તારી મેળાની બે દિવસની જ પાપલીલાનો પૂરાવો છે. અરે, ભોળી, ગભરૂડી પારેવડી જેવી છોકરીને ફસાવતા શરમ ન આવી શરમ? તું શિક્ષક છો કે કોણ છો ?લ્યાનત છે તને, બિચારી રાવજીકાકાની જુવાન દીકરી સાથે આમ કેટલા દિવસથી રમત રમી રહ્યો છે બોલ? હવે એના પૂરાવાતો અમારે મનોમન કલ્પી લેવાનાં ને?'' બોલતા બોલતા રાવજી તરફ ફર્યો: ''કાકા, આને તમે એટલો મારો, એટલો મારો કે એના હાડકાં ભાંગી જવા જોઈએ. ભવિષ્યે એ ઊભો ન થઈ શકવો જોઈએ.''

ચંદ્રકાન્તભાઈ આગળ આંખ નીતરતા અવાજે આનંદ કહી રહ્યો હતો : '' ..તે દિવસની રાતે હું રૂપાને લઈને આડબીડ ભાગ્યો છું. મારા જીવને જોખમે અને મારા અસ્તિત્વને દાવ પર લગાડીને ભાગ્યો છું. એનું શિયળ બચાવવા. એની આબરૂ ને વાસ્તે...હું છાતી ચીરીને તો નહીં બતાવી શકું ને?''

''આનંદ, હું તારી સાચકલાઈ પારખું છું. પણ હવે તું અહીંથી ચાલ્યો જા. હવે આ ગામમાં ક્યારેય આવતો નહીં.''

બે મહીનાની સળંગ રજા લઈને આનંદ નીકળી ગયો. રજા પૂરી થઈને એ આવ્યો. પણ કલાક પૂરતો જ! અને સામાન- બિસ્ત્રો પેક કરીને મેડાની નીચે ઉતર્યો. નીચે દૃષ્ટિ કરી. રૂપા ઊભી હતી. થંભ્યો ઘડીક !..અને પછી બેગ લઈને ધીરે ધીરે કરતા ચાલતો થયો. રૂપા તેને ભીનાં નેત્રે તાકી રહી. ફરી, એક પળ આનંદ થંભી ગયો. પાછું ફરીને જોયું.

રૂપા હડી કાઢીને આવી. પણ આનંદ બે- ચાર ડગલાં પાછળ હટી ગયો.

એ સાથેજ રૂપાના રૂદન સાથે હારબંધ ડૂસકાં નીકળી ગયા. તો આનંદની આંખોય ક્યાં કોરી હતી? આનંદ પણ આંખો લૂછતો લૂછતો ડેલા તરફ ચાલતો થયો.

ડેલાની ડોકાબારીની અંદરની તરફ એક ખુશીની અને સમણાંની દુનિયા હતી. જે કેટલાંક પાપી માણસોએ રંજાડી નાખી હતી. ડોકાબારીની પેલી તરફ વેરણ છેરણ અરમાન હતા. નંદવાઈ ગયેલા સમણાં હતા. એણે ખુશીથી ઉજવેલી ક્ષણો, આટલાં સમયનું માણેલું ભર્યું ભર્યું સુખ, એ ભીનો ભીનો સંગ અને સંગત સાથેના શમણાં ડોકાબારીની આ તરફ જ છોડી દીધા, ખંખેરી નાખ્યા. વેગળા કરી નાખ્યા. હૈયામાંથી! અને ડોકાબારીની પેલી બાજુએ પગ મૂક્યો, એ ભેળું જ બધું કપાઈ ગયું. જીવતરથી, જીવથી અને અસ્તિત્વથી ....

ડોકાબારી બંધ કરતા રૂપા સામે જોયું. આંખોમાંથી અને હૈયામાંથી છલોછલ એ પણ હતી અને એ પણ હતો. બન્નેમાંથી કોઈ કશું જ ન બોલી શક્યું. બોલતી રહી...તો માત્ર ચાર આંખો!

‘મળીશું ક્યારેક, એવા એંધાણે.‘ ને, એવા જનમ જનમના સંબંધે, આવતે ભવ..બોલ્યું ચાલ્યું માફ કરજો અને ક્યારેક યાદ કરજો...કરતાં કરતા..વલવલતા બન્ને હૈયા. દૂર.. દૂર...દૂર થઈ ગયા.(ક્રમશ:) ■

.આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ પ્રા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી.

બાળસાહિત્યના પુસ્તકો આધારિત પારિતોષિક માટે, સ્પર્ધામાં ભાગ લેવા અંગેની જાહેરાત ૧૫ ડિસેમ્બર ૨૦૨૬ના રોજ કરાશે

# અંજુ-નરશી પારિતોષિકના વર્ષ ૨૦૨૫-૨૬ના વિજેતાઓના નામ જાહેર

અમરેલી, તા.૦૨

પ્રતિ બે વર્ષે અપાતા રાજ્યના "અંજુ-નરશી પારિતોષિક" (બાળસાહિત્યના પુસ્તકો આધારિત શ્રેણી સિવાયના પારિતોષિક) વર્ષ ૨૦૨૫-૨૬ માટેના વિજેતાઓના નામની જાહેર કરવામાં આવી છે. જે મુજબ અંજુ-નરશી યુથ આઈડેન્ટિટી એવોર્ડ 'લોકભારતી યુનિવર્સિટી'ના પ્રો.વાઈસ ચાન્સેલર તથા ઉત્તમ સર્જક ડૉ. વિશાલ ભાદાણીને, તેઓ દ્વારા નાનાભાઈ ભટ્ટ અને મનુભાઈ પંચોળીના કેળવણીલક્ષી પ્રયોગોને આગળ ધપાવવા માટેના પ્રયત્નો હેતુ માટે એનાયત કરાશે. અંજુ-નરશી જીવનસંઘર્ષ સન્માન છેક સુપ્રીમ કોર્ટ સુધી લડી, જીત મેળવીને MBBS નો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ, હાલ સર.ટી. હોસ્પિટલ, ભાવનગર ખાતે સેવા બજાવતા માત્ર ત્રણ ફૂટની વામન કદકાઠી ધરાવતા વિરાટ વ્યક્તિ એવા ડૉ. ગણેશ બારૈયાને એનાયત કરાશે. અંજુ-નરશી પુરાતત્વ વિદ્યા સન્માન બાલાસિનોરના રૈયોલી ગામ પાસે આવેલ 'ડાયનાસોર પાર્ક'ની છેલ્લા ત્રીસ વર્ષથી રખેવાળી કરનાર અને અભ્યાસુ પુરાતત્વવિદોને પણ પાછળ મૂકી દે એવું જ્ઞાન ધરાવનાર, સમર્પિત ચોકીદાર એવા ડાયાભાઈ ગોરાભાઈ ચૌહાણને એનાયત કરાશે. અંજુ-નરશી સમાજ સેવા સન્માન-કોકિલા વિકાસ આશ્રમ, સોનાપુર (ગોહપુર), આસામના સ્થાપક, હરેશકુમાર મનસુખલાલ ભટ્ટને ગ્રામીણ પ્રજામાં આમૂલ પરિવર્તન લાવવાની અનોખી યાત્રામાં પોતાનું જીવન સમર્પિત કરનારને એનાયત કરાશે. અંજુ-નરશી લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ-બાળસાહિત્યના અમૂલ્ય સર્જન થકી નવી પેઢીમાં સંસ્કારોનું ઉમદા સિંચન કરવાના અભિનવ પ્રયાસ માટે, ડૉ. આઈ. કે. વીજળીવાળાને એનાયત કરાશે. અંજુ-નરશી ગુર્જર બાળસાહિત્ય વૈભવ સન્માન બાળસાહિત્યના અમૂલ્ય સર્જન થકી, વિજ્ઞાનકથાઓના માધ્યમથી, બાળપેઢીમાં વૈજ્ઞાનિક દષ્ટિકોણ કેળવવાના પ્રયાસ માટે, ડૉ. કિશોર પંડ્યાને એનાયત કરાશે. સ્વ. જામભા ઝાલા સમાજસેવા સન્માન છેલ્લા પાંચ દાયકાથી ઉમદા આરોગ્યસેવાની સાથે સમાજમાં માનવીય મૂલ્યોનું સ્થાપન કરવાના શ્રેષ્ઠ પ્રયાસો કરનાર ડૉ. જી.વી. કળથિયાને એનાયત કરાશે. સ્વ. ધરમશીદાદા મોરડિયા જ્ઞાનગુરુ સન્માન વિજ્ઞાન વિષયને બહુ સરળતાથી અને રસપ્રદ રીતે શીખવનાર શિક્ષક અસ્મિતા એચ. પટેલ (અપર પ્રાયમરી શિક્ષક, ફરેડી પ્રાથમિક શાળા, તા.મોડાસા, જિ. અરવલ્લી)ને એનાયત કરાશે. સ્વ. નાનુદાદા વીડિયો શિક્ષણસેવા સન્માન સુરત મહાનગરપાલિકા સંચાલિત પ્રાથમિક શાળામાં શિક્ષક અને "પુસ્તક પરબ" ચલાવી સામાજિક જાગૃતિ સાથે જ્ઞાનસંવર્ધક પ્રવૃત્તિઓ કરતા રાઘવજીભાઈ ડાભીને એનાયત કરાશે. સ્વ.જાદવબાપા ધામેલિયા (મોજડી) લોકકલા-સાહિત્ય સન્માન સુપ્રસિધ્ધ લોકગાયિકા સ્વ. મીનાબેન પટેલને એમના સાડા ત્રણ દાયકાના ગાયન ક્ષેત્રના ઉમદા પ્રદાન માટે (મરણોત્તર સન્માન) એનાયત કરાશે. અંજુ-નરશી માતૃભાષા સંવર્ધક સન્માન માતૃભાષા ગુજરાતી અને તેનાં શાસ્ત્રીય સ્વરૂપને, શિક્ષકો અને બાળકો આત્મસાત કરી, જોડણીની રીતે તેને યથાર્થ સ્વરૂપમાં લખતાં થાય, તે માટેના ઉત્કૃષ્ઠ પ્રયાસો માટે રાજેશ ધામેલિયાને એનાયત કરાશે.આ એવોર્ડ અર્પણ સમારોહ બાળસાહિત્યના પુસ્તકો આધારિત પારિતોષિક વિજેતાઓની પસંદગી થયા બાદ સંયુક્ત રૂપે વર્ષ ૨૦૨૭માં યોજાશે. બાળસાહિત્યના પુસ્તકો આધારિત પારિતોષિક માટે, સ્પર્ધામાં ભાગ લેવા અંગેની જાહેરાત ૧૫ ડિસેમ્બર ૨૦૨૬ના રોજ કરાશે.

## સાંસદ ગેનીબેન ઠાકોરે જગદીશ વિશ્વકર્માને બનાસકાંઠાથી ચૂંટણી લડવા પડકાર ફેંક્યો

પાલનપુર, તા. ૦૨

બનાસકાંઠામાં રાજકારણ તેજ બન્યું છે, જ્યાં સાંસદ ગેનીબેન ઠાકોરે ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માને આગામી ચૂંટણી બનાસકાંઠાથી લડવાનો ખુલ્લો પડકાર આપ્યો છે. પાલનપુર ખાતે વિશ્વકર્માના નિવેદન બાદ ગેનીબેને વળતો જવાબ આપતા જણાવ્યું કે જનતાએ તેમને બહેન સમજી ભારે મતોથી જીતાડ્યા હતા.

ગેનીબેને વિશ્વકર્માના નિવેદનને બનાસકાંઠાની જનતા અને મહિલાઓનું અપમાન ગણાવ્યું અને માફી માંગવાની માંગ કરી. તેમણે કહ્યું કે જો વિશ્વકર્મા પાસે શક્તિ હોય તો ૨૦૨૭ની ચૂંટણી અહીંથી લડી બતાવે.

તેમણે ઉમેર્યું કે કોંગ્રેસનો કોઈપણ ઉમેદવાર તેમની સામે લડવા સક્ષમ છે. આ મુદ્દે જિલ્લામાં રાજકીય ગરમાવો વધ્યો છે.

## લીલીયા ગ્રામ પંચાયતના સરપંચ તરીકે જીવનભાઈ વોરા ફરી પદ પર પ્રસ્થાપિત

લીલીયા, તા.૦૨

લીલીયા ગ્રામ પંચાયત ખાતે સરપંચ પદને લઈને મહત્વપૂર્ણ વહીવટી ફેરફાર થયો છે. જિલ્લા વિકાસ અધિકારીના ૧૯/૧૨/૨૦૨૫ના આદેશ મુજબ જીવનભાઈ વોરાને ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ ની કલમ ૫૭(૩) હેઠળ પદ પરથી દૂર કરવામાં આવ્યા હતા. જોકે, બાદમાં



અધિક વિકાસ કમિશનર કચેરી ગાંધીનગર દ્વારા કામચલાઉ હુકમ જારી કરી તેમને ફરી સરપંચ તરીકે પ્રસ્થાપિત કરવાનો નિર્ણય લેવાયો હતો.

આ હુકમ ૨૦/૦૩/૨૦૨૬ ના રોજ કરવામાં આવ્યો હતો, પરંતુ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને કારણે લાગુ થયેલી આચાર સંહિતાને કારણે તેનો અમલ વિલંબિત રહ્યો હતો.

આ રોજ, ૦૨/૦૫/૨૦૨૬ ના રોજ હુકમ પ્રાપ્ત થતા બપોરે ૧૨ વાગ્યે જીવનભાઈ વોરાએ ફરી સરપંચ તરીકે ચાર્જ સંભાળ્યો હતો. ઈન્ચાર્જ સરપંચ વિજયભાઈ શેખલિયાએ તેમનું સ્વાગત કર્યું હતું.

## માંગરોળ નજીક ખાનગી બસનો અકસ્માત: બેના મોત

માંગરોળ,તા.૦૨

માંગરોળ તાલુકાના રઈજ ગામ પાસે એક હૃદયદ્રાવક અકસ્માતની ઘટના સામે આવી છે. સોમનાથ મહાદેવના દર્શન કરી દ્વારકા તરફ જઈ રહેલી ભાવનગરના શ્રધ્ધાળુઓની ખાનગી બસ અચાનક પલટી મારી ગઈ હતી. આ બસમાં ૪૦થી વધુ મુસાફરો સવાર હતા. પ્રાથમિક વિગતો મુજબ રસ્તા પર અચાનક નીલગાય આડી ઉતરતા ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો, જેના કારણે બસ માર્ગની બાજુમાં પલટી ખાઈ ગઈ હતી. આ કંપારીભર્યા અકસ્માતમાં બે શ્રધ્ધાળુઓના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યાં છે. અન્ય અનેક મુસાફરોને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક સારવાર માટે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ ઘટનાને પગલે શ્રધ્ધાળુઓના પરિવારમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

## વડોદરાની એમ.એસ.યુનિવર્સિટીમાં 'મોદી તત્વ' અને આરએસએસનો ઈતિહાસ ભણાવાશે

વડોદરા, તા.૦૨

વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી (એમએસયુ)એ તેના સમાજશાસ્ત્ર અભ્યાસક્રમમાં મહત્વપૂર્ણ ફેરફાર કરીને 'મોદી તત્વ' નામનું નવું મોડ્યુલ શરૂ કર્યું છે. આ અભ્યાસક્રમ હેઠળ વિદ્યાર્થીઓ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ અને સમાજ પર તેની અસરનો વૈજ્ઞાનિક અભ્યાસ કરશે. સાથે જ રાષ્ટ્રીય



સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના ઈતિહાસ અને સામાજિક યોગદાનને પણ સ્થાન આપવામાં આવ્યું છે. સમાજશાસ્ત્ર વિભાગના વડા ડૉ. વીરેન્દ્ર સિંહે જણાવ્યું કે 'દેશભક્તિનું સમાજશાસ્ત્ર' વિષય હેઠળ આ મોડ્યુલ એમએના બે વર્ષના અભ્યાસક્રમમાં સામેલ છે. તેમાં મેક્સ વેબરના 'કરિશ્માત્મક નેતૃત્વ' સિદ્ધાંતના આધારે વિવિધ નેતાઓના અભ્યાસનો સમાવેશ થાય છે. અભ્યાસક્રમમાં નોટબંધી, ડિજિટલ ક્રાંતિ, ફાસ્ટેગ અને જલ શક્તિ મંત્રાલય જેવી નીતિઓનું વિશ્લેષણ પણ કરવામાં આવશે.

## અમરેલીમાં વ્યાજની ઉઘરાણી મુદ્દે થયેલા આપઘાત કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો

**એડવોકેટ ઉદયન ત્રિવેદીની ધારદાર દલીલ કોર્ટે ગ્રાહ્ય રાખી**

અમરેલી,તા.૦૨

અમરેલી શહેરમાં વર્ષ ૨૦૨૦માં બનેલી વ્યાજની પઠાણી ઉઘરાણી અને આત્મહત્યાની ચકચારી ઘટનામાં અદાલતે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. આ કેસમાં પઠાણી ઉઘરાણીના ત્રાસથી આપઘાત કર્યાના ગંભીર આક્ષેપો સાથે આરોપીઓ સામે ગુનો નોંધાયો હતો. જોકે, અમરેલીના ડિસ્ટ્રિક્ટ એન્ડ સેસન્સ જજ આર.વી. બુખારીએ તમામ પાસાઓની ચકાસણી કર્યા બાદ આરોપી જીલુભાઈ દાનાભાઈ આહીરને શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મૂકવાનો હુકમ કર્યો છે. આ કેસમાં આરોપી તરફે રોકાયેલા સીનિયર એડવોકેટ ઉદયન ત્રિવેદીની ધારદાર અને તાર્કિક દલીલો કોર્ટે ગ્રાહ્ય રાખી હતી. બનાવની વિગતો મુજબ, ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ લક્ષ્મણપરી ગોસાઈએ ઝેરી



દવા પીને આત્મહત્યા કરી હતી. મૃતકે મરતા પહેલા આપેલા નિવેદનમાં અને ઉતારેલા વીડિયોમાં આક્ષેપ કર્યો હતો કે પ્રેમજીભાઈ બાવીશી અને જીલુભાઈ આહીર પાસેથી લીધેલા નાણાં પરત કરી દીધા હોવા છતાં, તેઓ વધુ નાણાં માટે પઠાણી ઉઘરાણી કરી રહ્યા હતા. ફરિયાદમાં એવો પણ ઉલ્લેખ હતો કે આરોપીઓ ભાણેજનું અપહરણ કરવાની અને પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપતા હતા. પોલીસને તપાસ દરમિયાન મૃતકના કપડામાંથી એક સ્યુસાઈડ નોટ પણ મળી આવી હતી, જેને એફ.એસ.એલ.માં તપાસ અર્થે મોકલવામાં આવી હતી.ટ્રાયલ દરમિયાન સરકાર પક્ષે અનેક સાક્ષીઓની તપાસ કરવામાં આવી અને વીડિયો તેમજ સ્યુસાઈડ નોટ જેવા દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા હતા. સાક્ષીઓની ઉલટતપાસ દરમિયાન બચાવ પક્ષના વકીલ ઉદયન ત્રિવેદીએ કેસની ખામીઓ અને વિરોધાભાસી હકીકતો સફળતાપૂર્વક રજૂ કરી હતી. કેસની કાર્યવાહી દરમિયાન જ એક આરોપી પ્રેમજીભાઈનું અવસાન થયું હતું. અંતે, ફરિયાદ પક્ષ પોતાનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ રહેતા, અદાલતે આરોપી જીલુભાઈને નિર્દોષ ઠરાવી મુક્ત કર્યા છે.

૧૯, ૨૦ અને ૨૧ જાન્યુઆરી દરમિયાન ભવ્યાતિભવ્ય કાર્યક્રમો યોજાશે: નરેશભાઈ પટેલ

## ખોડલધામ મંદિરનો દશાબ્દી મહોત્સવ જાન્યુઆરી ૨૦૨૭માં યોજાશે

અમરેલી,તા.૦૨

જાન્યુઆરી ૨૦૨૭માં વિશ્વ પ્રસિધ્ધ શ્રી ખોડલધામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને ૧૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે ત્યારે આ પ્રસંગે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા ભવ્યાતિભવ્ય 'દશાબ્દી મહોત્સવ ૨૦૨૭'નું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજનના ભાગરૂપે તારીખ ૨ મે ને શનિવારના રોજ ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલની અધ્યક્ષતામાં ખોડલધામ મંદિરે એક અગત્યની મીટિંગ યોજાઈ હતી. જેમાં આ દશાબ્દી મહોત્સવના કાર્યક્રમની રૂપરેખા જાહેર કરવામાં આવી હતી. આ ઐતિહાસિક મહોત્સવ મંદિરના પરિસર, કાગવડ ખાતે ૧૯થી ૨૧ જાન્યુઆરી, ૨૦૨૭ સુધી ઉજવાશે. આ અંગે નરેશભાઈ



પટેલે જણાવ્યું હતું કે, દશાબ્દી મહોત્સવ ખૂબ જ સુંદર રીતે ઉજવાય તેના માટે આપણે સૌ સાથે મળીને પ્રયત્નો કરીશું. મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા થઈ ત્યારથી લઈને અત્યાર સુધી કરોડો લોકોએ અહીં આવીને મા ખોડલના આશીર્વાદ લીધા છે ત્યારે દશાબ્દી મહોત્સવમાં પણ લોકો ભાવથી જોડાશે. મહોત્સવમાં ૧૦૦૮ કુંડી મહાયજ્ઞ, લોકડાયરો, મહારાસ, મહા ધર્મસભા સહિતના ભવ્યાતિભવ્ય કાર્યક્રમો યોજાશે.

## ધોરાજીમાં સફાઈ કામદારોનો આક્રોશ: કોન્ટ્રાક્ટ પધ્ધતિ રદ કરવા માંગ કરાઈ

ધોરાજી,તા.૦૨

ધોરાજી નગરપાલિકામાં સફાઈ કામદારોના હિતોને લઈને ફરી એકવાર વિવાદ સર્જાયો છે. સમસ્ત વાલ્મિકી સમાજના સફાઈ કર્મીઓએ નગરપાલિકા દ્વારા આપવામાં આવેલ સફાઈ કોન્ટ્રાક્ટનો સખત વિરોધ કરી ચીફ ઓફિસરને આવેદનપત્ર સુપરત કર્યું છે. કામદારોએ રજૂઆત કરી છે કે કોન્ટ્રાક્ટ પધ્ધતિમાં તેમનું મોટાપાયે આર્થિક શોષણ થાય છે અને આકસ્મિક મૃત્યુ જેવા કિસ્સાઓમાં કોઈ વળતર મળતું નથી. હાલમાં જે દસ લાખ રૂપિયાનો નવો સફાઈ કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે તેને તાત્કાલિક અસરથી રદ કરી કામદારોના પગારની સીધી ચુકવણી નગરપાલિકા દ્વારા કરવામાં આવે તેવી આગ્રહભરી માંગ કરવામાં આવી છે. જો આ માગણીઓ સંતોષવામાં નહીં આવે તો આગામી ૨ તારીખથી શહેરની સફાઈ વ્યવસ્થા સંપૂર્ણપણે બંધ કરી ગાંધી ચિંધ્યા રાહે ઉપવાસ આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે. ધોરાજીમાં પહેલેથી જ રસ્તા અને પાણીની વિકટ સમસ્યાઓ છે ત્યારે સફાઈ કર્મીઓની હડતાળ લોકો માટે નવી મુશ્કેલીઓ ઊભી કરી શકે છે.

## શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત દ્વારા ૧૫૭મો 'વિચારોના વાવેતર' કાર્યક્રમ સંપન્ન

સુરત,તા.૦૨

સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ, સુરત દ્વારા ૧૫૭માં 'વિચારોના વાવેતર' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કાનજીભાઈ ભાલાળાએ સ્ત્રી સશક્તિકરણ પર વક્તવ્ય આપતા જણાવ્યું કે, સ્ત્રી પરિવારનું કેન્દ્રબિંદુ છે અને તેની આર્થિક સ્વતંત્રતા તથા તંદુરસ્તી જ સાચા સશક્તિકરણના પાયા છે. તેમણે પરંપરાગત




ભેદભાવો છોડી મહિલાઓને સ્વમાનભેર જીવવા આત્મનિર્ભર બનવા આહ્વાન કર્યું હતું.અતિથિ વક્તા મોહિત ગઢિયાએ ફેશન ડિઝાઈનિંગ ક્ષેત્રે બહેનો માટે રહેલી વિપુલ તકો વિશે માર્ગદર્શન આપ્યું, જ્યારે પ્રિયા ગઢિયાએ સફળતા માટે કાર્યમાં ૧૦૦ ટકા સમર્પણ આપવાની હિમાયત કરી હતી. કાર્યક્રમના અંતે ફેશન વ્યવસાયમાં સફળતા મેળવનાર ઉદ્યમી મહિલાઓ રશ્મિબેન સભાયા અને દક્ષાબેન માંગુકિયાનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. હાર્દિક ચાંચડ અને અંકિત સુરાણી દ્વારા સંકલિત આ કાર્યક્રમમાં મહિલા શક્તિને બિરદાવવામાં આવી હતી.

## ધોરાજીમાં ખાલી પ્લોટમાં ભીષણ આગ



તસવીર : નયન કુહાડીયા

ધોરાજી,તા.૦૨

ધોરાજીના વ્યસ્ત સ્ટેશન રોડ પર પૂર્વ ધારાસભ્ય લલિત વસોયાના કાર્યાલય પાસે આવેલા એક ખાનગી પ્લોટમાં અચાનક આગ ફાટી નીકળતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આ પ્લોટ ખાલી હોવા છતાં રહેણાંક વિસ્તારની અત્યંત નજીક હોવાથી લોકોમાં ભારે ગભરાટ ફેલાયો હતો. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી, પરંતુ ઘટનાની જાણ થતાં જ સ્થાનિકોએ તુરંત ધોરાજી નગરપાલિકાના ફાયર વિભાગનો સંપર્ક કર્યો હતો. ફાયર ફાઈટરોએ ઘટનાસ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી આગને સંપૂર્ણપણે કાબૂમાં લીધી હતી. ગીચ વિસ્તારમાં આગ પર તાત્કાલિક નિયંત્રણ મેળવી લેવાતા જાનહાની ટળી છે, જેનાથી આસપાસના રહીશોએ રાહતનો શ્વાસ લીધો હતો.


**ટુંકી મુદતની જાહેર હરરાજી**

આથી રસ ધરાવતા ઈસમોને જણાવાનું કે, અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના નડાળા ગામે આવેલા ગ્રામ પંચાયત હસ્તકના જુના પંચાયત ભવન ની તોડી પાડી, ઈમલો ઉતારી, કાટમાળ નિકાલ કરી અને જગ્યા ખુલ્લી સમથળ કરી આપવાના કામની જાહેર હરરાજી તા:- ૧૬/૦૫/૨૦૨૬ ને શનિવાર રોજ સમય સવારે ૧૦:૦૦ કલાકે ગ્રામ પંચાયત કચેરી નડાળા ખાતે રાખેલ હોય તો હરરાજીની પ્રક્રિયામાં ભાગ લેવા રસ ધરાવતા ઈસમોએ હાજર રહેવું.

હરરાજીની તારીખ : ૧૬/૦૫/૨૦૨૬ ને શનિવાર
હરરાજીનો સમય : સવારે ૧૦:૦૦ કલાકે
હરરાજીનું સ્થળ : ગ્રામ પંચાયત કચેરી નડાળા

લી.
સરપંચશ્રી
નડાળા ગ્રામ પંચાયત

# રાજ્યની તિજોરી છલકાઈ : જીએસટી આવકમાં ૪૪%નો નોંધપાત્ર ઉછાળો

અમદાવાદ, તા. ૨





એપ્રિલ ૨૦૨૬ દરમિયાન ગુજરાત રાજ્યની તિજોરી છલકાઈ ઉઠી છે અને આવકના આંકડાઓએ નવા રેકોર્ડ નોંધાવ્યા છે. રાજ્યને જીએસટી હેઠળ રૂપિયા ૯,૯૧૬ કરોડની આવક પ્રાપ્ત થઈ છે, જે જીએસટી અમલ બાદ અત્યાર સુધીની સૌથી ઊંચી માસિક આવક ગણાય છે. ગયા વર્ષની સરખામણીએ આ વખતે જીએસટી આવકમાં ૪૪ ટકાનો નોંધપાત્ર વધારો નોંધાયો છે, જે રાજ્યની મજબૂત આર્થિક ગતિ દર્શાવે છે. જીએસટી ઉપરાંત અન્ય કર આવકમાં પણ વધારો થયો છે. વેટ હેઠળ રાજ્યને રૂપિયા ૨,૭૧૧ કરોડ, વિદ્યુત શુલ્કમાંથી રૂપિયા ૧,૦૫૫ કરોડ અને વ્યવસાય વેરા હેઠળ રૂપિયા ૨૧ કરોડની આવક પ્રાપ્ત થઈ છે. આ તમામને મળીને રાજ્યની કુલ આવક રૂપિયા ૧૩,૭૦૩ કરોડ સુધી પહોંચી છે.

નિષ્ણાતોના મતે, વધતી વેપાર-ઉદ્યોગ પ્રવૃત્તિઓ અને કર વસૂલાતની અસરકારક વ્યવસ્થાના કારણે આ વૃધ્ધિ શક્ય બની છે.

# રાજકોટના આજી ડેમમાં ડૂબી જવાથી પિતા-પુત્ર સહિત ત્રણના મોત

રાજકોટ,તા.૦૨



રાજકોટ શહેરના જિલ્લા ગાર્ડન પાસે સોરઠીયા પ્લોટ શેરી નંબર ૭માં નવા ઘાંચી વાડ વિસ્તારમાં રહેતા ભરતભાઈ દેવજીભાઈ જાદવ આજે ૨ મેના રોજ સાંજે ૪ વાગ્યાની આસપાસ પોતાના બે પુત્રો ધવલ અને રોહિત તથા સાળીના પુત્ર ધ્રુવ મકવાણા સાથે આજીડેમ ખાતે રિક્ષા ધોવા માટે ગયા હતા. રિક્ષા ધોયા બાદ રોહિત જાદવ ડેમના કાંઠે હાથ-મોઢું ધોવા જતાં અચાનક પગ લપસી જવાથી પાણીમાં ગરકાવ થયો હતો. તેને બચાવવા જતાં તેનો ભાઈ ધવલ, માસિયાઈ ભાઈ ધ્રુવ અને પિતા ભરતભાઈ પણ એકપછી એક પાણીમાં કૂદ્યા હતા પરંતુ કમનસીબે ચારેય જણા ઊંડા પાણીમાં ડૂબી ગયા હતા. ઘટનાની જાણ થતાં જ બેડીપરા ફાયર સ્ટેશનનો કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. ફાયરબ્રિગેડના જવાનોએ ઓક્સિજન સેટ પહેરી સતત બે કલાક સુધી શોધખોળ હાથ ધરી હતી જે દરમિયાન ભરતભાઈ અને અન્ય બે બાળકોના મૃતદેહ મળી આવ્યા હતા જ્યારે રોહિતની શોધખોળ હજુ પણ ચાલુ છે.

# બોટાદમાં એએસઆઈ અને વચેટિયો લાંચ લેતા એસીબીના હાથે ઝડપાયા

બોટાદ, તા. ૨


બોટાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એએસઆઈ અને તેમના ખાનગી વચેટિયાને એસીબીએ લાંચ લેતા રંગેહાથ ઝડપ્યા છે. આરોપીઓએ એક કેસમાં આરોપીને જામીન પર મુક્ત કરાવવા અને મામલતદાર કચેરીમાં કાર્યવાહી ટાળવા માટે રૂ. ૩૦,૦૦૦ની લાંચ માગી હતી.

ફરિયાદીના સંકેત પર ભાવનગર એસીબી ટીમે ટ્રેપ ગોઠવી પ્રથમ હપ્તા તરીકે રૂ. ૧૦,૦૦૦ સ્વીકારતા વચેટિયા નિલેશ ઉર્ફે લાલો ભરાડીયાને પકડી પાડ્યો હતો. તપાસમાં એએસઆઈ જયેશ જાખણીયા પણ કાવતરામાં સંકળાયેલા હોવાનું બહાર આવ્યું છે.

બંને આરોપીઓ સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધાયો છે. એસીબીએ લાંચની રકમ જપ્ત કરી આગળની તપાસ હાથ ધરી છે.

# રાજ્યના મુખ્ય ૧૦ શહેરોમાં તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચતા જનજીવન અસ્તવ્યસ્ત

અમદાવાદ,તા.૦૨



રાજયમાં હાલ અંગ દઝાડતી ગરમીથી જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે અને લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. પવનની દિશામાં થયેલા ફેરફારને કારણે તાપમાનમાં મોટો ઉછાળો જોવા મળ્યો છે જેના પરિણામે રાજ્યના મુખ્ય ૧૦ શહેરોમાં પારો ૪૦ ડિગ્રીને પાર કરી ગયો છે. ખાસ કરીને અમદાવાદમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૩.૩ ડિગ્રી તાપમાન નોંધાતા તે રાજ્યનું સૌથી ગરમ શહેર બન્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર મે મહિનામાં મહત્તમ અને લઘુત્તમ તાપમાન સામાન્ય કરતા ઊંચું રહેવાની પૂરી શક્યતા છે. આગામી સાત દિવસ સુધી વાતાવરણ સૂકું રહેશે જોકે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને રાજસ્થાનમાં સક્રિય થયેલી સાયક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમને કારણે તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રીનો નજીવો ઘટાડો થઈ શકે છે. બપોરના સમયે આકરા તાપને લીધે રસ્તાઓ સુમસામ ભાસે છે.

# રાજય શિક્ષણ બોર્ડ દ્વારા ધો. ૧૨નું પરિણામ ૪ મેના રોજ જાહેર થશે

અમદાવાદ,તા.૦૨

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાના પરિણામો આગામી સપ્તાહે જાહેર થશે. જેમાં ચોથીએ ધો.૧૨ સાયન્સ અને સામાન્ય પ્રવાહનું પરિણામ એક સાથે જાહેર થવાની શક્યતા છે. ત્યારબાદ છઠ્ઠી એ બુધવારે ધો.૧૦નું પરિણામ જાહેર થઈ શકે છે. જ્યારે ગુજકેટનું પરિણામ પણ ૧૨ સાયન્સ સાથે સોમવારે જાહેર થશે. ગુજરાત બોર્ડની પરીક્ષાઓ પૂરી થયાને દોઢ મહિનો થવા આવ્યો છે અને સેન્ટ્રલ બોર્ડ અને આઈસીએસઈ બોર્ડે પરિણામો જાહેર કરી દીધા છે. અંદાજે ત્યારે ગુજરાત બોર્ડના ૧૫.૨૮ લાખ વિદ્યાર્થીઓની આતુરતાનો અંત આવવા જઈ રહ્યો છે. લાખો વિદ્યાર્થીઓ અને વાલીઓ પરિણામની રાહ જોઈ રહ્યા છે ત્યારે ગુજરાત બોર્ડ દ્વારા એક બે દિવસમાં સત્તાવાર પરિણામ તારીખો જાહેર કરાશે.

# રાજયમાં સ્વાસ્થ્ય સાથે ચેડા કરતી રૂા.૧.૨૧ કરોડની શંકાસ્પદ દવાઓ જપ્ત

અમદાવાદ,તા.૦૨

રાજ્યમાં નાગરિકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરનારા તત્વો સામે સરકારે અભૂતપૂર્વ ઝુંબેશ છેડી છે. ખોરાક અને ઔષધ નિયંત્રણ તંત્ર દ્વારા રાજ્યના મુખ્ય શહેરો એવા અમદાવાદ, વડોદરા, સાવલી અને ભરૂચમાં સઘન દરોડા પાડવામાં આવ્યા હતા. આ કાર્યવાહીમાં માત્ર અમદાવાદ શહેરમાંથી જ અંદાજે રૂ.૧.૨૧ કરોડથી વધુની કિંમતનો શંકાસ્પદ દવાનો જથ્થો જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે. આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે પ્રજાના આરોગ્યને જોખમમાં મૂકનારા કોઈપણ તત્વોને બક્ષવામાં આવશે નહીં અને ભવિષ્યમાં પણ આવી કડક ઝુંબેશ ચાલુ રહેશે. અમદાવાદના પવન ફોર્મ્યુલેશન પરના દરોડામાં કોડીન આધારિત સીરપનો વિપુલ જથ્થો મળી આવ્યો હતો, જેનો નશાકારક હેતુ માટે દુરુપયોગ



થવાની પૂરેપૂરી શક્યતા હતી. તંત્રએ ત્યાંથી રૂ.૭૬.૫૧ લાખની દવાઓ જપ્ત કરી વેચાણના રેકોર્ડમાં જોવા મળેલી ગંભીર ખામીઓ સામે તપાસ શરૂ કરી છે. આ ઉપરાંત ગોમતીપુરમાં વેચાતી **'HABBE AUJA'** નામની આયુર્વેદિક દવામાં એલોપેથિક 'ડાયક્લોફેનેક' તત્વની હાજરી મળી આવતા તેને બનાવટી જાહેર કરવામાં આવી છે.

# તળાજા દંપતીની હત્યા પુત્ર-પુત્રવધુએ કરી હોવાના ખુલાસાથી ખળભળાટ

તળાજા,તા.૦૨



તળાજામાં થયેલ ચકચારી સોની દંપતી હત્યાકાંડનો પર્દાફાશ થયો છે, જેમાં લોહીના સબંધો જ લોહીના તરસ્યા બન્યા હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. રામટેકરી વિસ્તારમાં ૧૨ દિવસ પૂર્વે દંપતીના સળગેલી હાલતમાં મૃતદેહ મળી આવ્યા હતા, જે ઘટનામાં પોલીસે હવે મૃતકના પુત્ર અને પુત્રવધૂની ધરપકડ કરી છે. પોલીસની સઘન તપાસ અને પેનલ રિપોર્ટમાં એ સ્પષ્ટ થયું છે કે આ અકસ્માત નહીં પણ આયોજિત હત્યા હતી. રાજકોટ રહેતા દીકરા વિમલભાઈએ પિતાનું ગળું દબાવીને મોતને ઘાટ ઉતાર્યા હતા, જ્યારે પુત્રવધૂ હેતલબેને સાસુને ગંભીર ઈજા પહોંચાડી તેમની હત્યા કરી હતી. પુરાવાનો નાશ કરવા માટે બંનેએ મૃતદેહોને સળગાવી દીધા હતા. આ મામલે મૃતક મહિલાના ભાઈએ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી દંપતી વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પારિવારિક ઝઘડા કે મિલકતની લાલચમાં દીકરાએ જ મા-બાપની છત્રછાયા છીનવી લેતા પંથકમાં અરેરાટી વ્યાપી છે.





